ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 19 Date : 16-06-2026

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૪) |
| અનુપમ ભટ્ટ | ૦૪ | ૧૯૨૨ની સાલનો ગાંધી પરનો મુકદ્દમો |
| મનસુખ સલ્લા | ૦૬ | સંવત્સરી અને ગાંધી ચિંતન |
| અશ્વિન કારીઆ | ૦૮ | ધાર્મિક તહેવારોની ભીડ ઘાતક બની રહી છે |
| અશ્વિન કારીઆ | ૦૮ | ધર્માંતર : ધર્મ નિરપેક્ષતાને પડકાર |
| હસમુખ ગજ્જર | ૧૦ | ગ્રીસનો 'ઝીરો વેસ્ટ' ટાપુ |
| હરેશ ધોળકિયા | ૧૧ | સ્વસ્થ સમાજનું સૂચન કરતું પુસ્તક : નેક્સસ |
| રાજુ રૂપપુરીયા | ૧૨ | પસાર થતી ક્ષણને પૃષ્ઠ પર થિજાવી રાખનાર રઘુ રાય |
| રજની દવે | ૧૪ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૩ |
| રજની દવે | ૧૬ | અણુ ઊર્જા : શ્રાપ કે આશીર્વાદ? |
| રશાંસ | ૧૭ | વાંચન થાળ |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૮ | નિખિલભાઈ : એક સેવાભાવી ડૉક્ટર |
| લિખિતંગ | ૧૯ | વાચકોના પત્રોમાંથી |
| રેવારજ | ૨૦ | ડૉ. પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ' |
| ગુરદીપસિંહ સપ્પલ | ૨૨ | ભારતમાં ગરીબો શિક્ષણથી કેમ છેટાં થઈ રહ્યાં છે? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બોગનવેલિયાનાં ફૂલ |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.19 1959 Date : 16-06-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૪)

○ વિનોબા ○

### આત્મ સાક્ષાત્કાર – આત્મ પ્રાપ્તિ

સાક્ષાત્કારનો અર્થ છે – જે ચિંતન દ્વારા ચિત્તને માન્ય થયું, એ તત્ત્વનું આંખો દ્વારા દર્શન થયું. તે સાક્ષાત્કાર છે. હવે માની લો કે આપણને ચિંતન કરતાં કરતાં સમજાયું કે પ્રાણીમાત્ર એક છે; હવે આપણને આપણી આંખો દ્વારા પણ એ જ દેખાવું જોઈએ. કીડી ફરે છે તો લાગવું જોઈએ કે ભગવાન ફરી રહ્યા છે. મનુષ્ય, ગાય, વૃક્ષ, પત્થર, આ બધાંમાં ભગવાન છે. આ જ્ઞાન પહેલાં મેળવી લેવું આવશ્યક છે. જ્ઞાન મળશે તો એક અવસ્થા પ્રાપ્ત થશે. પરંતુ આપણે તેનાથી પણ આગળ વધવાનું છે. કોઈ માણસ ભરત-રામની મૂર્તિની સમ્મુખ ઊભો છે, તો એને એ મૂર્તિમાં રામનું દર્શન થાય છે. પરંતુ તે માણસને બીજી (મનુષ્યની) મૂર્તિમાં રામનું દર્શન થતું નથી. તો સમજવું કે તેને સાક્ષાત્કાર થયો નથી. શ્રદ્ધા હોવાને લીધે એક આસ્થા બંધાઈ ગઈ, માટે તેને પત્થરની મૂર્તિમાં દર્શન થયાં. જ્યારે સાક્ષાત્કારનો અર્થ થાય છે – ચોમેર દૂર દૂર સુધી ભગવદ્ દર્શન થવું, આપણને સર્વત્ર હરિદર્શન થાય એ જરૂરી છે.

કોને સાક્ષાત્કાર થયો છે, એની ખબર પડતી નથી – क्वचित् पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदितश्, चरत्येवं प्राज्ञः सतत – परमानंद – सुखितः – જે વ્યક્તિને સાક્ષાત્કાર થયો છે, તેનું લોકો ક્યારેક સમ્માન કરશે, તો ક્યારેક તેની અવગણના કરશે, પત્થર મારશે. એની ઉપેક્ષા થશે. ક્યારેક તો લોકોને એ ખબર જ નહીં પડે કે તે આવ્યો કે નહીં. તેમ છતાં પણ તે પ્રાજ્ઞપુરુષ, જ્ઞાની પરમાનંદમાં સુખી થઈને, મોજથી આનંદપૂર્વક રહેશે. અને એટલા માટે આવા માણસોની ઓળખ થતી નથી. જેવી રીતે અંધજનને આંખવાળાઓનો પરિચય થતો નથી. તેવી રીતે બીજા માણસો સાક્ષાત્કારી મનુષ્યને ઓળખી શકતા નથી. અને જો ફલાણો માણસ સાક્ષાત્કારી છે, આવો પરિચય થાય તો સમજી લેવું કે તે સાક્ષાત્કારી નથી.

આપણને સ્વપ્નમાં દિવ્ય જ્યોતિ વગેરે જોવા મળે છે, તો તે કેવળ આશ્વાસન માત્ર છે તેમ સમજવું. એનાથી સાક્ષાત્કારની દિશામાં પ્રોત્સાહન મળે છે. જેવી રીતે મા એના નાનકડા બાળકે સારું કામ કર્યા પછી શાબાશી આપે છે, જેનાથી બાળકને પ્રેરણા મળે છે. એવી રીતે દિવ્યદર્શન થયું તો એને સાક્ષાત્કાર ન સમજતાં, કેવળ આશ્વાસનમાત્ર સમજવું જોઈએ. હું જે અનુભવોને આશ્વાસન કહું છું, તે મિથ્યા નથી, હું એને વાસ્તવિક જ માનું છું. બધા સાધકોને આવા અનુવભ આવશે પણ નહીં, પરંતુ કેટલાક સાધકોને તેમની વિશિષ્ટ અવસ્થામાં આ પ્રકારના અનુભવો થતા હોય છે.

સાક્ષાત્કારની અનુભૂતિ થઈ છે તે યોગ્ય છે કે નહીં, તેની કસોટી તે વ્યક્તિ પોતે જ કરી શકે છે. એક તો, જેમને સાક્ષાત્કાર થયો હશે તેના ચિત્તમાંથી રાગદ્વેષ દૂર થઈ જશે. બીજું, સાક્ષાત્કાર ન થયો હોય તો પણ જે આભાસ થયો હોય, તેને આશ્વાસન મળ્યું છે એવું માનવું જોઈએ. અને ત્રીજું, જે અભ્યાસ થયો છે, તે મિથ્યા છે, અસત્ય છે એવું ત્યારે માનવું જ્યારે ચિત્ત તેની ઊલટી દિશામાં વળે અને વિષયવાસનાઓ એકદમ ઉત્કટ થઈ ગઈ હોય.

એક ભાઈએ મને લખ્યું, ''મને સ્વપ્નમાં ભગવાન કૃષ્ણનાં દર્શન થયાં, સાક્ષાત્કાર થયો. એમની સાથે મારી વાતચીત થઈ'' વગેરે. મેં એમને લખ્યું, સ્વપ્નમાં તમને દર્શન થયું, તે તો આશ્વાસન માત્ર છે, સાક્ષાત્કાર નથી થયો. તમારા ચિત્તનો આગ્રહ હતો કે કૃષ્ણના રૂપમાં ભગવાન પ્રકટ થાય, માટે ભગવાને કૃષ્ણનું રૂપ લીધું અને તમારા સ્વપ્નમાં પોતાનું દર્શન આપ્યું. કૃષ્ણભક્તિના નાતે તમને કૃષ્ણનું દર્શન થયું.

મેં એ ભાઈ સામે સાક્ષાત્કારની ચાર કસોટી મૂકી – (૧) તમને ભગવાન કૃષ્ણે સ્વપ્નમાં દર્શન આપ્યાં. જ્યારે સ્વપ્ન આવે છે, ત્યારે એ જ રૂપમાં દર્શન થાય છે ? (૨) શું તે જાગૃત અવસ્થામાં પણ દેખાય છે ? (૩) શું જાગૃતિમાં એ સતત દેખાય છે ? (૪) શું પોતાનાથી અલગ દેખાય છે કે આપણે જ તે છીએ, એવું દેખાય છે ? હવે આ ચાર કસોટીઓ પર તે ચમત્કાર ટકી ગયો, કસવામાં આવ્યો તો ઠીક છે, નહીં તો તે આશ્વાસન માત્ર જ છે. અને તે એટલો જ કે 'આવ્યો અને જતો રહ્યો.'

સંતોના ચરિત્રમાં ઈશ્વરના સાકાર દર્શનની અનુભૂતિ જોવા મળે છે. પરંતુ હું આવા અનુભવોને દર્શન માનતો નથી. તે આશ્વાસન છે. જો દર્શન થયું હશે તો તે ચોવીસે કલાક રહેશે. તે ચઢશે –

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ઊતરશે નહીં, વધ-ઘટ નહીં થાય. મેં સ્થિતપ્રજ્ઞ-દર્શનમાં કહ્યું છે કે ધ્યાનસમાધિ જે છે, તે ચઢે છે, ઊતરે છે. તે એક સદ્વૃત્તિ છે, તે સ્થિતિ નથી. એનાથી સાધકને આશ્વાસન મળે છે. થવું એ જોઈએ કે ધીરે ધીરે સાધક માટે તે નિત્યની સ્થિતિ થઈ જવી જોઈએ. જ્યાં-જ્યાં નજર ફેરવો સર્વત્ર ઈશ્વર જ ઈશ્વર છે. પત્થર, વૃક્ષ, પક્ષી બધાંમાં ઈશ્વર છે - આવી ભાવના સ્થિર થઈ જાય અને ચોવીસે કલાક રહેતી હોય. ત્યાર બાદ જે પણ કંઈ કામ થશે, એમાં હરિભાવનાનો પ્રભાવ પડશે.

મનુષ્યને દેહાતીત (શરીરથી ઉપર ઊઠવું) થયા પછી જ તેના આત્માનો સાક્ષાત્કાર થાય છે. અને તે સાક્ષાત્કારી માણસ તેને શબ્દો દ્વારા અભિવ્યક્ત કરી શકતો નથી. પણ તેના અનુભવક્ષેત્રમાં તે વસ્તુ આવી જાય છે. જે પણ કોઈ મનુષ્યને આત્માનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેનામાં રહેલી શક્તિ મર્યાદિત રહેતી નથી. એની સંગતિથી બીજાઓ પર પણ તેની અસર થાય છે. એટમ બૉંબ, હાઈડ્રોજન બૉંબ વગેરે જે પ્રયોગો થતા રહેતા હોય છે, એની અસર દુનિયાના વાતાવરણ પર પડે છે. કેટલાય લોકો બીમાર પડે છે. તેમને આ માંદગીનાં કારણ ખબર પડતાં નથી. પરંતુ એમના પર એ અસર જ પડેલી હોય છે. વાતાવરણ પર પડેલી આ અસરોને ટાળી શકાતી નથી. એવી જ રીતે કોઈ એક મનુષ્યના આત્માની અસર વધતા-ઓછા અંશે આખી દુનિયા પર પડતી હોય છે. જે લોકો તે મનુષ્યની સંગતિમાં રહેતા હોય, ખાસ કરીને માનસિક સંગતિમાં રહેતા લોકો પર વિશેષ અસર થાય છે.

સાક્ષાત્કાર બે રીતે થતા હોય છે. એક ધ્યાન રૂપે અને બીજો પ્રેમ રૂપે. ભગવાન બુદ્ધને થયેલ કરુણામય સાક્ષાત્કાર ધ્યાનરૂપે હતો. શ્રી અરવિંદને પણ ધ્યાનરૂપે સાક્ષાત્કાર થયેલો. શ્રી અરવિંદમાં જેટલું જ્ઞાન, ધ્યાન, કર્મ જોવા મળે છે, તેટલો પ્રેમ જોવા નથી મળતો. ગાંધીજીને જે સાક્ષાત્કાર થયેલો તે ભાવનાપૂર્ણ થયો હતો. જ્ઞાનદેવનો સાક્ષાત્કાર પૂર્ણ હતો. ચૈતન્ય, જ્ઞાનદેવ, નામદેવમાં પ્રેમરૂપ સાક્ષાત્કારની ઝાંખી જોવા મળે છે. જ્ઞાનદેવમાં પ્રેમ, ધ્યાન, કર્મ આ બધાંનો યોગ જોવા મળે છે. તેઓ ધ્યાનયોગી હતા. અને તેનું સવિસ્તર વર્ણન એમણે જ્ઞાનેશ્વરીમાં કર્યું છે. હવે જ્ઞાનદેવમાં કર્મયોગ નહોતો - આવું પણ ન કહી શકાય. જ્ઞાનેશ્વરીમાં કર્મયોગના નિરૂપણ વખતે તેમની એવી જ તન્મયતા, તલ્લીનતા જોવા મળે છે.

શંકરાચાર્ય કહે છે કે જો અમૂલ્ય એવો નરદેહ ખોઈ બેસીશું, તો પછી પશુનું શરીર મળી શકે છે. હવે પશુ-પક્ષી વગેરે યોનીઓમાં તેમને પોતાના જ શરીરનું અજ્ઞાન રહેલું હોય છે, ત્યાં વળી પરમાર્થની વાત જ શું ? આપણે પશુ નથી, મનુષ્ય છીએ અને આપણને મળેલ આ મનુષ્યદેહ આત્મસાક્ષાત્કાર માટે સમર્થ છે. આનો અર્થ એ સમજવો જોઈએ કે આપણું માનવ-શરીરમાં પેદા થવું અને આત્મ-સાક્ષાત્કાર થયા વગર મરવું એટલે મનુષ્યજીવન વેડફાઈ ગયું સમજવું. આપણું કર્તવ્ય આત્મસાક્ષાત્કાર જ હોય. આધુનિક ભાષામાં આનો અર્થ એ થાય કે આ દેહ એક ટ્રસ્ટ છે. ઈશ્વર તરફથી આપણને આ દેહ મળ્યો છે. અને આપણે એના ટ્રસ્ટી છીએ. આ ટ્રસ્ટનો ઉદ્દેશ્ય છે, આત્મસાક્ષાત્કાર કરવો. આપણે આ શરીરને ખવડાવી-પીવડાવી શકીએ છીએ, આ શરીર દ્વારા વ્યાપાર-વ્યવસાય વગેરે કામ કરાવી શકીએ છીએ, લોકોની સેવા પણ કરી શકીએ છીએ. પરંતુ આ બધું જ આપણે આપણા મુખ્ય ઉદ્દેશ્યની પૂર્તિ કરવા માટે કરવાનું છે.

મારી સામે જો ભગવાન આવીને ઊભા થઈને પૂછે કે તેં અત્યાર સુધી મુખ્ય ઉદ્દેશ્ય પ્રાપ્તિ માટે શું-શું કર્યું અને ત્યારે જો હું આવો જવાબ આપું કે મેં તો આટલા કિલોમીટરની યાત્રા કરી અથવા તો આટલાં ગ્રામદાન પ્રાપ્ત કર્યાં, અથવા આટલા ગ્રંથો લખ્યા; તો ભગવાન કહેશે કે ઠીક છે. આ બધું કર્યું, પણ ટ્રસ્ટના મુખ્ય ઉદ્દેશ્યની દિશામાં કેટલું કામ કર્યું, એ બતાવો. એ બધાં કામો કરવાથી તારો અહંકાર વધ્યો છે ? એ પ્રવૃત્તિઓમાં આસક્તિ રહેતી હતી કે અનાસક્તિ ? ટ્રસ્ટના હેતુની સિદ્ધિની નજીક પહોંચ્યો છે, થોડોક નજીક પહોંચ્યો છે ? જો આનો જવાબ 'ના'માં હશે, તો ભગવાન મને કહેશે કે તારો જન્મ વ્યર્થ ગયો. જો હું કહીશ કે હું ટ્રસ્ટનો ઉદ્દેશ્ય મેળવવા માટે નજીક પહોંચ્યો છું તો ભગવાન મને સફળ માનશે. આમ, આ જ શરીરમાં મરતાં પહેલાં આપણે આત્મસાક્ષાત્કાર કરવાનો છે. અને એ કર્યા બાદ જ આ શરીરને છોડવાનું છે.

હવે ઈશ્વરની પૂર્ણ અનુભૂતિ તો ઈશ્વરને જ હોય. બીજાં બધાંને તેમની અંશાનુભૂતિ થઈ શકે છે. માની લો કે ચૈતન્ય મહાપ્રભુને સાક્ષાત્કાર થયો અને એમણે પ્રેમગુણનો આવિષ્કાર કર્યો. પરંતુ ઈશ્વરમાં કોઈ એક જ ગુણ રહેતો નથી. બીજા બધા જ ગુણો રહેલા હોય છે. પરંતુ ચૈતન્યદેવ એ આત્મગુણોની પૂર્તિ કરી શકતા નથી. ઈશ્વરના બીજા કોઈ એક ગુણની

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૪) |
| અનુપમ ભટ્ટ | ૪ | ૧૯૨૨ની સાલનો ગાંધી પરનો મુકદ્દમો |
| મનસુખ સલ્લા | ૬ | સંવત્સરી અને ગાંધી ચિંતન |
| અશ્વિન કારીઆ | ૮ | ૦ ધાર્મિક તહેવારોની ભીડ ઘાતક બની રહી છે<br>૦ ધર્માંતર : ધર્મ નિરપેક્ષતાને પડકાર |
| હસમુખ ગજ્જર | ૧૦ | ગ્રીસનો 'ઝીરો વેસ્ટ' ટાપુ |
| હરેશ ધોળકિયા | ૧૧ | સ્વસ્થ સમાજનું સૂચન કરતું પુસ્તક : નેક્સસ |
| રાજુ રૂપપુરીયા | ૧૨ | પસાર થતી ક્ષણને પૃષ્ઠ પર થિજાવી રાખનાર રઘુ રાય |
| રજની દવે | ૧૪ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૩ |
| રજની દવે | ૧૬ | અણુ ઊર્જા : શ્રાપ કે આશીર્વાદ ? |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૮ | નિખિલભાઈ : એક સેવાભાવી ડૉક્ટર |
| રેવારજ | ૨૦ | ડૉ.પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ' લેખ-૧ |
| ગુરદીપસિંહ સપ્પલ | ૨૨ | ભારતમાં ગરીબો શિક્ષણથી કેમ છેટાં થઈ રહ્યાં છે ? |
| આશા વીરેન્દ્ર | ૨૪ | બોગનવેલિયાનાં ફૂલ |





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

પૂર્તિ કોઈ બીજી વ્યક્તિ કરશે, ત્રીજા ગુણની પૂર્તિ કોઈ ત્રીજી કરશે. સ્વામી વિવેકાનંદે ગૌતમ બુદ્ધનું હૃદય અને શંકરાચાર્યના દિમાગનો સમન્વય ઇચ્છ્યો હતો. એટલે કે એમણે માનેલું કે ગૌતમ બુદ્ધનું હૃદય ઈશ્વરની બરાબરીએ આવ્યું હતું અને શંકરની બુદ્ધિ પરમજ્ઞાનમાં ઈશ્વરની બરાબરીએ આવેલી હતી. પરંતુ શંકરનું જ્ઞાન ઈશ્વરના જ્ઞાનની તુલનામાં એક અંશમાત્ર છે. એવી જ રીતે ઈશ્વરના વિશાળ હૃદયની તુલનામાં ગૌતમ બુદ્ધના હૃદયની વિશાળતા પણ અંશમાત્ર છે. પરંતુ તેમ છતાં પણ ભક્તિભાવે આટલું તો જરૂર માન્ય કરીએ છીએ કે માનવદેહમાં રહીને આ ગુણોનો જેટલો ઉત્કર્ષ સંભવ હતો, તે એમણે જીવનમાં કર્યો.

કોઈ પણ મનુષ્યનો આત્મા, સત્યનિષ્ઠા, સમત્વબુદ્ધિ, ન્યાયવૃત્તિ, દયા, પ્રેમ, વાત્સલ્ય જેવા અનેક ગુણોથી પરિપૂર્ણ હોય છે. જેવી રીતે આકાશમાં અનંત તારાઓ હોય છે, એવી જ રીતે મનુષ્યના આત્મામાં અનંત ગુણો રહેલા છે. આ અનેક ગુણોમાંથી મનુષ્યને થોડાક ગુણોનું ભાન થતું હોય છે. પરંતુ હજી સુધી તેને પૂરેપૂરું ભાન થયું નથી. સત્ય અને પ્રેમનું થોડુંક ભાન થયું છે. હજી પૂરો વિકાસ કરવો બાકી રહ્યો છે. જ્ઞાન, શૂરવીરતા, ઉત્સાહ વગેરે પરમેશ્વરના જે અનંત ગુણો છે, એ બધા ગુણોની પૂર્તિ કરનારાઓ બીજા લોકો હશે, અને તેઓ આગળ આવશે. એટલા માટે ઈશ્વરના અનંત ગુણોનો સાક્ષાત્કાર થઈ ગયો છે અને વેદાંતમાં આ વિષય સમાપ્ત થઈ ગયો છે, સાક્ષાત્કારની પરિસમાપ્તિ થઈ ગઈ છે- આવું માનીશું તો તે ભ્રાંતિ છે.

આમ, આત્મસાક્ષાત્કાર જ જીવનનો મુખ્ય હેતુ છે, બીજાં બધાં કામો ઉપર-ઉપરનાં છે. આપણને કેટલાય જન્મોની સાધના બાદ આ માનવદેહ મળ્યો છે. ત્યારે આપણા માટે અન્ય પ્રવૃત્તિઓનું કોઈ મહત્ત્વ નથી. આપણા પહેલાં કેટલાય લોકો આવ્યા અને ગયા. આ વિશાળ અંતરાલમાં પૃથ્વી જેવા બીજા પચાસ લાખ ગ્રહો છે. આટલા મોટા ફેલાયેલા વિસ્તારમાં આપણે ક્યાં છીએ ? આ પૃથ્વી પર પણ અરબોની સંખ્યામાં જીવ છે. એમાંના એક આપણે છીએ. એકદમ તુચ્છ છીએ. આપણે બધાં શરીરથી તો એકદમ નગણ્ય, નાશવાન અને ક્ષણભંગુર છીએ અને બીજી રીતે વિચાર કરીએ તો આપણે મહાન છીએ. આ અચેતન ચંદ્ર, સૂર્ય બધાં જ આપણી સામે તુચ્છ છે. આપણે શરીરથી તુચ્છ છીએ અને આત્માથી મહાન છીએ. હું ચેતન છું. હું સાક્ષી છું. અને આ ચેતનાના નાતે અને આત્મતત્ત્વના નાતે હું આ દુનિયામાં મહાન છું. શરીરના વિચારે હું શૂન્ય છું. માટે જ આ શરીરથી ભલે ગમે તેટલાં કામ કેમ ન કરીએ, એની કોઈ કિંમત નથી. આપણે શરીરથી જેટલી સેવા કરીશું, તે બધી શૂન્ય ગણાશે. પરંતુ આત્મશક્તિથી જે પણ કંઈ કામ કરીશું, તે ટકશે. અને તે છે આત્મસાક્ષાત્કાર. એને મેળવવા માટે જ તો આપણને આ માનવદેહ મળ્યો છે. આપણને આ જે દેહ મળ્યો છે, તેનું એક માત્ર ધ્યેય કેવળ આત્મસાક્ષાત્કાર છે. આત્મસાક્ષાત્કાર જે ચીજથી મળતો હોય, તે તરફ જ આપણું ધ્યાન રહેવું જોઈએ. આપણે આ પણ જોવું કે આપણા જીવનમાં દેહપરાયણવૃત્તિ ઓછી રહે અને આત્મપરાયણ વૃત્તિ વધતી રહે.

આપણને બધાંને આપણી આજુબાજુમાં અનેક પ્રકારનાં દર્શન થતાં રહેતાં હોય છે. ધ્યાનમાં આવે છે કે જાત-જાતના જુદા જુદા સ્વભાવવાળા લોકો રહે છે. આપણને સૃષ્ટિનાં અનેક રૂપ જોવા મળે છે. પરંતુ આપણને જ્યાં સુધી આ દર્શન થતું નથી કે એ બધા પ્રકારના વૈવિધ્યમાં ભગવાન રહેલ છે, ત્યાં સુધી આત્મસાક્ષાત્કાર થશે નહીં. આપણને માણસની અંદર માણસનાં દર્શન થાય છે, પણ માણસમાં ભગવાનનાં દર્શન થવાં જોઈએ.

આપણે પળેપળ સાક્ષાત્ ભગવાનની મૂર્તિ જોડે વ્યવહાર કરતા રહીએ છીએ. આપણો જે જે લોકો સાથે સાક્ષાત્કાર થાય છે તે ભગવાનની સાથે જ થાય છે. પરંતુ આપણે આ વસ્તુને ભૂલી જઈએ છીએ અને સામે રહેલા માનવને માનવ જ માની લઈએ છીએ. આપણે જ્યારે આપણી સામે રહેલાં વ્યક્તિ, સમાજ અથવા સૃષ્ટિને દૂર કરીને પછી ભગવાનના દર્શનની ઇચ્છા કરીએ, તો જાણે આપણે પોતે જ પોતાનું નિરાકરણ કરીએ છીએ. એટલા માટે ઉપનિષદ કહે છે કે જ્યારે પ્રત્યેક સાક્ષાત્કાર સમયે અને પ્રત્યેક બોધની સાથે હરિ-બોધ થાય, ત્યારે જ તે સાચો સાક્ષાત્કાર થયો કહેવાશે. કબીર તો કહે જ છે, खुले नैन पहिचानौ । આપણને ઉઘાડી આંખે જે દર્શન થાય છે તેમાં સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત પરમાત્માનું દર્શન થાય છે. આ દર્શન કરતા રહીએ અને ગાઢ નિદ્રા લઈએ - તો સાક્ષાત્કાર થશે.

## પ્રકીર્ણ

જેને ભગવદ્ સાક્ષાત્કાર કહીએ છીએ, તે એક ચમક છે. આ વસ્તુને પ્રાપ્ત કરવી તે બહુ મહેનતનું, કષ્ટનું કામ નથી. બસ એક જ વાત જરૂરી છે - સ્વચ્છ, શુદ્ધ હૃદય અને શુદ્ધ ચિત્ત. જેવી રીતે સ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબ સ્વચ્છ જોવા મળે છે તેવી રીતે સ્વચ્છ, શુદ્ધ, નિર્મળ ચિત્તમાં ભગવાનનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે.

* વેદ કહે છે, जीवेम शरदः शतम् । મનુષ્ય જન્મ મળ્યો છે તો તેનો પૂરેપૂરો લાભ લેતા આવડવું જોઈએ. સમાજને પણ આપણી પૂરેપૂરી સેવાનો લાભ મળે અને આપણને આત્મદર્શન માટે પણ પર્યાપ્ત સમય મળી જાય. બાકી તો પોતાના માટેનું સૂત્ર બનાવ્યું છે કે ગમે ત્યારે મરવાનો અધિકાર તો છે જ, પણ શરત એટલી કે આગળનો જન્મ કપાઈ જાય. આ શરીર તો જવાનું જ છે. આપણી વાસનાઓ જતી રહી, ચિત્તનો અહંકાર પણ ગયો, તો આપણને આત્માનો સાક્ષાત્કાર થયો.

* વેદ અપૌરુષેય કહેવાયો છે. અપૌરુષેય એટલે કે આત્મ-સાક્ષાત્કાર દ્વારા સહજ સ્ફુરિત. મનુષ્યની તાર્કિક બુદ્ધિએ જેની રચના નથી કરી તે. આવી અપૌરુષેય વાણી આજે પણ ઉપલબ્ધ થઈ શકે છે.

* નારાયણ ઉપનિષદ કહે છે, અન્નમાંથી પ્રાણ પેદા થાય છે, પ્રાણથી બળ, બળથી તપ, તપથી શ્રદ્ધા, શ્રદ્ધાથી મેધા, મેધાથી મનીષા (મનોજય), મનીષાથી મનનશક્તિ, મનનશક્તિથી શાંતિ, શાંતિથી ચિત્ત, ચિત્તથી સ્ફૂર્તિ (આત્મસ્મૃતિ), સ્મૃતિથી સ્માર એટલે કે પ્રતિભા, પ્રતિભાથી વિજ્ઞાન (અનુભવજ્ઞાન), અને અનુભવજ્ઞાનથી આત્મ-સાક્ષાત્કાર.

(જુઓ પાન નં. ૦૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ૧૯૨૨ની સાલનો ગાંધી પરનો મુકદ્દમો


૧૯૨૨ની સાલમાં ગાંધીજી ઉપર એક મુકદ્દમો ચલાવવામાં આવ્યો હતો. ગાંધીજી જેવી વ્યક્તિ અહિંસા અને સર્વ મનુષ્યો પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમભાવનાં મૂલ્યોથી પ્રેરાઈને વર્તન કરતી હોય તો તે આસપાસના મનુષ્યો ઉપર કેવો પ્રભાવ નિષ્પન્ન કરે તેની આ વાત છે. વળી આ મુકદ્દમા સાથે સંકળાયેલા બે અંગ્રેજ અધિકારીઓએ ગાંધીજી સાથે કેવો અનોખો વર્તાવ કર્યો હતો તેની પણ અહીં વાત કરવી છે. આ ઐતિહાસિક ઘટનાને ત્રણ દશ્યોમાં જોઈ શકાશે.

**દશ્ય પહેલું**

તારીખ ૧૦ માર્ચ ૧૯૨૨ના દિવસે અમદાવાદ પોલીસનું એક વાહન સાબરમતી આશ્રમના ઝાંપા આગળ આવીને ઊભું રહ્યું. વાહનમાંથી તે સમયના અમદાવાદ શહેરના અંગ્રેજ પોલીસ કમિશ્નર ડેનીઅલ હીલી બહાર આવ્યા. ડેનીઅલ હીલીએ ઝાંપાની બહાર જ ઊભા રહીને આશ્રમની અંદર સંદેશો મોકલાવ્યો કે મી.ગાંધીને કહો કે પોલીસ કમિશ્નર તેમને મળવા માંગે છે.

પોલીસ કમિશ્નર શા માટે સાબરમતી આશ્રમ આવ્યા હતા ? વાત એમ હતી કે તે સમયે ગાંધીજી 'યંગ ઇન્ડિયા' નામનું એક સાપ્તાહિક ચલાવતા હતા. ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'ના ૧૯૨૧ની સાલના સપ્ટેમ્બર ૨૯ અને ડિસેમ્બર ૧૫ના અંકોમાં તથા ૧૯૨૨ના ફેબ્રુઆરી ૨૩ના અંકમાં – એમ કુલ ત્રણ અંકોમાં અંગ્રેજ સરકાર ભારતના લોકો સાથે કેવો અન્યાયપૂર્ણ વ્યવહાર કરી રહી છે અને લોકોએ આવી અન્યાયપૂર્ણ વ્યવસ્થાને દૂર કરવા માટે સવિનય અસહકાર કરવો જોઈએ તેવા વિચારો વ્યક્ત કરતા લેખો લખ્યા હતા. તે સમયની બ્રિટિશ હકૂમતે આ લખાણોની ગંભીર નોંધ લીધી હતી.

પોલીસ કમિશ્નરનો સંદેશો મળ્યો એટલે ગાંધીજી આશ્રમના ઝાંપા પાસે પહોંચ્યા. અને ત્યારે પોલીસ કમિશ્નરે ગાંધીજીને કહ્યું કે, 'યંગ ઇન્ડિયા'ના લેખો માટે તેમની સામે રાજદ્રોહ (Sedition)નો ગુનો નોંધવામાં આવ્યો છે અને પોતે અત્યારે તેમની ધરપકડ કરવા માટે આવ્યા છે. ડેનીઅલ હીલીએ ઉમેર્યું કે પોતે ગાંધીજીને તૈયાર થવા



માટે સમય આપે છે અને ગાંધીજી આવે ત્યાં સુધી પોતે બહાર ઝાંપા આગળ ઊભા રહેશે.

આ સાંભળી ગાંધીજી આશ્રમની અંદર પાછા આવ્યા. તેમણે આશ્રમના પોતાના સાથીઓને મળીને બધી વાત કરી અને જરૂરી સૂચનાઓ આપી. પ્રથમ પોલીસ કસ્ટડી અને પછી જેલનિવાસ માટે શું પૂર્વતૈયારી કરવી પડે તેનો પૂરતો અનુભવ દક્ષિણ આફ્રિકામાં જ મેળવીને ગાંધીજી ભારત પાછા ફર્યા હતા. એટલે તેમણે કમિશ્નર સાથે જવા માટે આવશ્યક પૂર્વતૈયારી કરી લીધી અને પછી બહાર આવ્યા. ગાંધીજી તૈયાર થઈને પાછા આવ્યા ત્યાં સુધી ડેનીઅલ હીલી સાબરમતી આશ્રમના ઝાંપાની બહાર જ તેમની રાહ જોતા શાંતિથી ઊભા રહ્યા હતા. કોઈ સંસ્થા કે સંસ્થાના વડાની આમન્યા જાળવવાની આવી પણ એક રીત હોઈ શકે. આ ઘટનાશૃંખલાના છેલ્લા દશ્યમાં આપણે ફરી એક વાર પોલીસ કમિશ્નર ડેનીઅલ હીલીને મળીશું.

**દશ્ય બીજું**

ધરપકડના આઠ દિવસ પછી તા. ૧૮ માર્ચ, ૧૯૨૨ના દિવસે અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા સર્કીટ હાઉસમાં ગાંધીજી ઉપર રાજદ્રોહના આરોપસર મુકદ્દમો ચલાવવામાં આવ્યો હતો. અંગ્રેજ જિલ્લા ન્યાયાધીશનું નામ હતું સી.એન. બ્રૂમફિલ્ડ. ન્યાયાધીશ બ્રૂમફિલ્ડ બપોરે બાર વાગ્યે પોતાની ખુરશી પર બેઠા તે પછી કોર્ટના રજિસ્ટ્રારે આરોપો વાંચી સંભળાવ્યા હતા. પછી ન્યાયાધીશ બ્રૂમફિલ્ડે ગાંધીજીને પૂછ્યું કે આ અરોપો અંગે તમે શું કહેવા ઇચ્છો છો ? ગાંધીજીએ પોતાનો બચાવ કરવા કોઈ વકીલ રોક્યા નહોતા. કારણ કે તેઓ પોતાનો કોઈ જ બચાવ કરવા ઇચ્છતા નહોતા. ન્યાયાધીશના પ્રશ્નના જવાબમાં ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું કે, પોતે દર્શાવેલો ગુનો કર્યો હોવાની કબૂલાત કરે છે.

ગાંધીજીનો આ જવાબ સાંભળીને ન્યાયાધીશે સરકારી વકીલને કહ્યું કે આરોપી દ્વારા ગુનાની કબૂલાત કરી લેવામાં આવી છે. તેથી પુરાવાઓ રજૂ કરીને તેના સમર્થનમાં દલીલો રજૂ કરવાની કાર્યવાહી કરવાની આવશ્યકતા રહેતી નથી. હવે મારે ફક્ત સજા અંગે જ નિર્ણય લેવાનો છે, તો તમે સજા અંગે તમારે જે કહેવાનું હોય તે કહો.

સરકારી વકીલે ગાંધીજી જે પ્રકારના વિચારો ફેલાવી રહ્યા હતા તેથી લાંબે ગાળે સમાજમાં કેવાં ગંભીર હાનિકારક પરિણામો આવવાની સંભાવના હતી તે દર્શાવીને આવા ગુનેગારને આકરી સજા કરવામાં આવે તેવી અદાલતને આગ્રહપૂર્વક વિનંતી કરી. પછી ન્યાયાધીશે જો ગાંધીજી પોતે સજા અંગે કંઈ કહેવા ઇચ્છતા હોય તો પોતે તે સાંભળવા તૈયાર છે તેમ કહ્યું.

ગાંધીજીએ કોર્ટ સમક્ષ જે નિવેદન આપ્યું તેના કેટલાક અંશો આ પ્રમાણે છે :

''ભારતના લોકોમાં વર્તમાન શાસનવ્યવસ્થા સામે અસંતોષ ફેલાવવાની કામગીરી હું કરી રહ્યો છું તે વાત આ કોર્ટથી હું જરાય



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છુપાવવા ઇચ્છતો નથી. અને મારે સ્પષ્ટ કહેવું જોઈએ કે આ પ્રવૃત્તિ હવે મારે માટે ઉત્કટ લગની બની ચૂકી છે. તેથી આવા ગુના માટે મને આકરામાં આકરી સજા કરવામાં આવશે તો હું તેનો સહર્ષ સ્વીકાર કરીશ. વર્તમાન શાસનતંત્ર સામે પ્રજામાં વ્યાપક અસંતોષ ફેલાવવાનું જે કાર્ય હું કરી રહ્યો છું તે મેં જાણીબૂજીને આચરેલો ગુનો છે તેમ સરકાર માને છે. પરંતુ મને એમ લાગે છે કે આવી પ્રવૃત્તિ કરીને હું મારો ઉચ્ચતમ નાગરિક ધર્મ બજાવી રહ્યો છું.''

પછી ગાંધીજીએ ન્યાયાધીશ બ્રૂમફિલ્ડને સંબોધીને કહ્યું :

''અત્યારે તમારે બે વિકલ્પોમાંથી એકની પસંદગી કરવાની છે. કાં તો તમે તમારા હોદ્દા ઉપરથી રાજીનામું આપીને ભારતના લોકોને વ્યાપક અન્યાય કરનારી વ્યવસ્થામાંથી જાતે જ મુક્ત થઈ જાવ અથવા તો જો આ શાસનવ્યવસ્થા લોકોની ભલાઈ માટે કાર્ય કરી રહી છે તેમ તમને ખરેખર લાગતું હોય તો તમે મને આકરામાં આકરી સજા કરો.''

ગાંધીજીનું નિવેદન સાંભળ્યા પછી ન્યાયાધીશ બ્રૂમફિલ્ડ બોલ્યાઃ ''મી. ગાંધી, તમે ગુનાની કબૂલાત કરીને મારું કામ સરળ કરી આપ્યું છે. તેમ છતાં આ કિસ્સામાં કેટલી સજા ઉચિત હોઈ શકે તેનો નિર્ણય લેવાનું કામ ખૂબ જ મુશ્કેલ છે. આવો કઠિન નિર્ણય લેવાની કપરી જવાબદારી કદાચ આ દેશના અન્ય કોઈ ન્યાયાધીશ સમક્ષ નહીં આવી હોય. હું એ વાતનો સ્વીકાર કરું છું કે આજ સુધી મેં જેટલી વ્યક્તિઓ ઉપર મુકદ્દમા ચલાવ્યા છે તેમાં તમે અનોખી શ્રેણિમાં આવો છો. આ દેશના લાખો મનુષ્યોની નજરમાં તમે એક મહાન રાષ્ટ્રભક્ત અને એક મહાન નેતા છો તે હકીકતની અવગણના થઈ શકે તેમ નથી. જે લોકો રાજપ્રકરણમાં તમારાથી ભિન્ન મત ધરાવે છે તેઓ પણ તમે એક ઉદાત્ત વ્યક્તિત્વ ધરાવનારા, ઉચ્ચ આદર્શોને અનુસરનારા અને એક સંતની કક્ષાએ પહોંચેલા મનુષ્ય છો તેમ માને છે.''

ન્યાયાધીશે આગળ કહ્યું : ''આ બધું છતાં અત્યારે તમે મારી સમક્ષ એવી વ્યક્તિ તરીકે ઊભા છો કે જેણે ખુદ કાયદાનો ભંગ કર્યો હોવાનો એકરાર કર્યો છે. કાયદો એકસમાનપણે બધા જ નાગરિકોને લાગુ પડે છે. આવા કાયદાને અધીન નાગરિક તરીકે જ હું તમને અત્યારે જોઈ રહ્યો છું અને તે દષ્ટિકોણથી જ તમારો ન્યાય તોળવાની મારી ફરજ બજાવી રહ્યો છું.... હું તમને ૬ વર્ષની કેદની સજા ફરમાવું છું.''

ન્યાયાધીશ બ્રૂમફિલ્ડના ઉપર્યુક્ત શબ્દો દર્શાવે છે કે તેઓ એ ક્ષણોમાં કેવું નૈતિક દ્વન્દ્વ (Moral Dilemma) અનુભવી રહ્યા હતા. એક તરફ એક સંવેદનશીલ, વિચારશીલ મનુષ્ય તરીકે તેમને લાગતું હતું કે તેમની સામે એક સાચી વ્યક્તિ ઊભી હતી જે પોતાના દેશના લાખો માનવબંધુઓને ન્યાય મળે તે માટે સંઘર્ષ કરી રહી હતી. અને બીજી તરફ તેમને એમ પણ લાગતું હતું કે તેમની સામે એક એવી વ્યક્તિ ઊભી હતી જેણે જાતે જ ગુનો કર્યો હોવાનો એકરાર કરી લીધો હતો અને તેથી એક ન્યાયાધીશ તરીકે આવી વ્યક્તિને સજા કરવાની પોતાની ફરજ બનતી હતી.

ન્યાયાધીશ બ્રૂમફિલ્ડના ચિત્તમાં જે દ્વન્દ્વ ચાલી રહ્યું હતું તે તેમના છેલ્લા શબ્દોમાં પણ વ્યક્ત થાય છે. પોતાનો ચુકાદો આપ્યા પછી છેલ્લે ન્યાયાધીશે ગાંધીજીને જે કહ્યું તે શબ્દો નોંધપાત્ર છે. ''... સજા અંગે મારો નિર્ણય જાહેર કર્યા પછી હું તમને કહેવા ઇચ્છું છું કે જો હવે પછી ભારતદેશના સંયોગોમાં પરિવર્તન આવે અને પરિણામે સરકાર તમારી સજા માફ કરીને તમને જેલમાંથી મુક્ત કરી દેશે તો બીજા કોઈને ન થાય તેટલો આનંદ મને થશે.''

પછી ન્યાયાધીશની વાતનો ઉત્તર આપતાં ગાંધીજીએ કહ્યું : ''મને લાગે છે કે તમે મને ઘણી હળવી સજા કરી છે. વળી, અન્ય કોઈ સ્થળે ન જોવા મળે તેવા વિનયશીલ શિષ્ટાચારથી કોર્ટની સમગ્ર કાર્યવાહી ચલાવવામાં આવી છે.''

અહીં કોર્ટની કાર્યવાહી પૂરી થઈ અને ન્યાયાધીશ બ્રૂમફિલ્ડ પોતાની ચેમ્બરમાં ચાલ્યા ગયા.

પછી મુકદ્દમા દરમ્યાન સરકીટ હાઉસમાં હાજર રહેલાં કસ્તુરબા ગાંધી, સરોજિની નાયડુ, પંડિત મદનમોહન માલવિયાજી અને અનસૂયાબહેન સારાભાઈને ગાંધીજી મળ્યા હતા અને તેમની વિદાય લીધી હતી.

તે પછી ગાંધીજીને સાબરમતી જેલમાં લઈ જવામાં આવ્યા હતા.

**હવે આપણે આ ઘટનાચક્રનું ત્રીજું અને છેલ્લું દશ્ય જોઈએ.**

છ વર્ષની કેદની સજા ભોગવવા માટે અંગ્રેજ સરકારે ગાંધીજીને પુના નજીક આવેલી યરવડા જેલમાં મોકલવાનો નિર્ણય લીધો હતો. ગાંધીજીને ટ્રેઈનમાં પુના લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગાંધીજીને અમદાવાદના રેલવે સ્ટેશન સુધી લઈ જવાની છેલ્લી જવાબદારી પોલીસ કમિશ્નર ડેનીઅલ હીલીની હતી. ડેનીઅલ હીલીની સૂચના અનુસાર ગાંધીજીને અમદાવાદના રેલવે સ્ટેશન સુધી લઈ જવામાં આવ્યા હતા. પુના સુધી સાથે આવનાર પોલીસદળના સભ્યો સાથે ગાંધીજી રેલવેના નિયત કરેલા કમ્પાર્ટમેન્ટમાં બેઠા તે પછી થોડી વારમાં પોલીસ કમિશ્નર ખુદ રેલવે પ્લેટફોર્મ પર આવી પહોંચ્યા હતા.

ગાંધીજી જે કમ્પાર્ટમેન્ટમાં બેઠા હતા તેમાં ડેનીઅલ હીલી પ્રવેશ્યા ત્યારે તેમના હાથમાં એક કરંડિયો હતો. પોલીસ કમિશ્નરે કરંડિયો ગાંધીજીની બાજુમાં મૂક્યો અને કહ્યું : ''મી. ગાંધી, આમાં થોડાંક ફળો છે - તમારે માટે.'' ગુજરાતી ભાષામાં આપણા મીઠા, પ્રેમાળ પારિવારિક સંબંધોને સૂચવતો એક શબ્દપ્રયોગ છે - ''ભાતું બંધાવવું.'' તો રાજદ્રોહના ગુના સબબ ગાંધીજીની ધરપકડ કરનાર અમદાવાદના અંગ્રેજ પોલીસ કમિશ્નર ડેનીઅલ હીલીએ મુસાફરી દરમ્યાન ઉપયોગમાં આવે તેટલા માટે ગાંધીજીને ફળોનું ભાતું બંધાવવાની પણ કાળજી લીધી હતી.

૨૦૨, શાંતિશિલ્પ-૨, તખ્તેશ્વર પ્લોટ, **- અનુપમ ભટ્ટ**
ભાવનગર-૩૬૪૦૦૨. મો.: ૯૪૨૯૩૦૦૬૭૧



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સંવત્સરી અને ગાંધી ચિંતન

કેટલીક પ્રણાલીઓ શરૂ થઈ હોય કોઈ એક ધર્મમાં, પરંતુ એ સ્વીકૃત થાય તમામ ધર્મોમાં. કારણ કે એની પાછળ ઉદાત્ત જીવનભાવ હોય છે. સંવત્સરી પર્વ આમ તો જૈનધર્મીઓનું પર્વ ગણાય છે. જૈનધર્મીઓ આ પર્વ નિમિત્તે કેટલાંક વ્રતો રાખે છે અને પર્યુષણને અંતે ક્ષમાપના ચાહે છે. આ આઠ દિવસો દરમિયાન ભગવાન મહાવીરનું ચરિત્ર વાંચવામાં આવે છે. તેમના ગુણચિંતન દ્વારા પોતાનામાં એવા ગુણો આવે એ અંગેના ચિંતનનું અને એ મુજબ વ્યાવહારિક જીવનમાં ધર્મને એકરૂપ કરવાનો પ્રારંભ કરવાનું આ પર્વ છે. એનું શિખર છે કોઈ પણ જીવનું પોતાના દ્વારા કાંઈ પણ અહિત થયું હોય, તેને અન્યાય થયો હોય, અજાણતાંય એને પીડા પહોંચી હોય તો તેની ક્ષમા માગવી. ક્ષમા માગીને હળવા થવું.

આ જીવનભાવ ખરેખર બહુ ઉદાત્ત છે. કારણ કે આપણે જાણ્યે-અજાણ્યે પણ કોઈને દુભવ્યા હોય એવું બને છે. એની ક્ષમા માગીએ છીએ ત્યારે આપણે નમ્ર બનીએ છીએ, અહંકારને મોળો પાડીએ છીએ, અહંકાર છોડવા પ્રયત્ન કરીએ છીએ.

સંવત્સરી પર્વનો આ જીવનભાવ ધીરેધીરે જૈનેતરોમાં પણ પ્રચલિત થતો જાય છે. મેં જોયું કે જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદ વિના ક્ષમાપનાનો ભાવ અનેક લોકોએ પ્રગટ કર્યો હતો. (હવે લખાણ સાથે એને અનુરૂપ ચિત્રો પણ મુકાય છે.) આ આવકારવા જેવો જીવનભાવ છે, જીવન-વ્યવહાર છે. આ નિમિત્તે માણસ નમ્ર બને છે. આત્મનિરીક્ષણ કરે છે. અન્યથા ભાગ્યે જ કરત એવી ક્ષમાપના કરે એ મનુષ્ય તરીકેના વિકાસ માટે ખૂબ પોષક છે.


પરંતુ પ્રણાલીઓ કે ધાર્મિક આચારોનું એક સૂક્ષ્મ જોખમ એ છે કે આચાર જડ રૂઢિ પણ બની શકે છે. તમામ ધર્મનાં આચારો કે પ્રણાલીઓમાં આમ બનતું હોય છે, બન્યું છે. જો આ આચારમાં ચિંતન, આત્મનિરીક્ષણ, આંતરશુદ્ધિ માટેનો સંકલ્પ ન હોય તો માણસ થોડા દિવસ ધાર્મિક વ્યવહારો કરે, પછી ભૂલી જાય. એટલે વ્યક્તિ સ્વીકારી લે કે ધાર્મિક વિધિ એક બાબત છે અને વ્યવહારજીવન બીજી બાબત છે. એનું ભયાવહ પરિણામ એ આવે છે કે માણસ ધર્મનાં તત્ત્વોમાં માનતો ન હોય છતાં પોતે એમાં માને છે એવો દંભ કરે, દેખાડો કરે.



ભગવાન મહાવીરે માણસ જાગૃત થાય, જાતતપાસ કરે, અન્ય સાથેના સંબંધોમાં અશુદ્ધિ દાખલ થઈ હોય તો દૂર કરવા પ્રયત્ન કરે તે માટે આ પર્વ નિમિત્તે સઘનપણે પોતાના જીવનવ્યવહારો તપાસે એ માટે સંવત્સરી પર્વ કરવાનું કહ્યું. જીવનનાં મૂળ તત્ત્વો સનાતન હોય છે, પરંતુ તેમાં યુગાનુસાર અર્થની નવી નવો કલમો ચડે છે. ગાંધીજી આવ્યા પછી ક્ષમાના જીવનભાવનો વધુ વિકાસ થયો છે. એનો સંદર્ભ વધુ વ્યાપક થયો છે.

કરેલાં ભૂલ, અન્યાય, અહિત માટે ક્ષમા માગવી એ ઉત્તમ વ્યવહાર છે જ. પરંતુ ગાંધીજીના જીવનમાંથી જે, જીવનભાવ પ્રગટ્યો તે એ કે 'હું કરેલી ભૂલ ફરી નહિ કરું.' એની એ ભૂલ ફરી ફરી ફર્યા કરીએ અને સંવત્સરી પર્વે ક્ષમા માગી લઈએ તો માણસ ત્યાંનો ત્યાં જ રહે છે. એવી જાગૃતિ લાવવાની જરૂર છે કે એક વાર ભૂલ થઈ ગઈ (સ્વાર્થને કારણે, અહંકારને કારણે, ઈર્ષાને કારણે, અસાવધાનતાને કારણે) પરંતુ એની ક્ષમા માગી હળવા થવાનું છે. એ જ રીતે એ ભૂલ ફરી ન થાય એની જાગૃતિ પણ કેળવવાની છે. એટલે સંવત્સરી પર્વે જાતતપાસ પણ કરવાની છે કે કરેલી ભૂલ તો મેં ફરી વાર કરી નથી ને ? આ તો જ શક્ય બને જો આપણે કઠોર આત્મનિરીક્ષણ કરીએ. બહાનાં ન શોધીએ. સંકલ્પબદ્ધ થઈએ.

ગાંધીજીના સત્યના આગ્રહ પછી આ જીવનભાવનો વધુ વિકાસ થયો છે. સત્યનું પાલન માત્ર વાણી રૂપે નહિ, હૃદયથી પણ કરવાનું હોય છે. એટલે કે જે કોઈ જીવનવ્યવહારમાં આપણે મુકાયા હોઈએ તેમાં કેવો સંબંધ ઇષ્ટ છે, શ્રેયસ્કર છે એ અંગે સ્પષ્ટ થવાનું છે. ઈશુ ખ્રિસ્તે કહ્યું કે, 'તું તારા દુશ્મનને ચાહજે.' આ અતિકઠણ કાર્ય છે. ગાંધીજીએ એનો વ્યવહાર એમ સૂચવ્યો કે વ્યક્તિના અન્યાયી, શોષણયુક્ત સ્વાર્થપ્રેરિત પગલાનો વિરોધ કરવો, પરંતુ એ કરનાર વ્યક્તિને તો પ્રેમ જ કરવો. ક્ષમાપનાનું આ શિખર છે. ગાંધીજીએ અંગ્રેજિયત (અંગ્રેજી નામના, અંગ્રેજોના કાયદા, અંગ્રેજોના વ્યવહરો)નો વિરોધ કર્યો, પરંતુ અંગ્રજોને કદી ધિક્કાર્યા નહિ. મનુષ્યની વિકાસયાત્રામાં આ ઊર્ધ્વારોહણ છે. ક્ષમાપનાનું પણ આ ગૌરીશંકર છે. આ સમજ, આ જીવનદષ્ટિ વિકસાવવા માટે આત્મનિરીક્ષણ અને આત્મ પૃથક્કરણ અનિવાર્ય બનશે એ ગાંધીજીએ જીવીને બતાવ્યું. આત્મ પૃથક્કરણ વિના આપણી અંદર રહેલાં મેલ / મર્યાદા / સંકુચિતતા / દુજોભાવને પારખી નહિ શકીએ. 'મિચ્છામિ દુક્કડમ' એ માત્ર શબ્દો નહિ, જીવનભાવ બનવો જોઈએ.



એટલે ગાંધીજીના જીવનમાંથી પ્રગટતું ત્રીજું તત્ત્વ તે આત્મશુદ્ધિ. સંવત્સરી પર્વે સામે મળે તેને 'મિચ્છામી દુક્કડમ' કહેવું કે સંદેશો મોકલવો, તેટલા સુધી જ અટકવાનું નથી. ક્ષમાપના દ્વારા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આપણા અહંકારને, આપણી ઈર્ષાને, આપણી સંકુચિતતાને શુદ્ધ કરવાનાં છે. એ શુદ્ધિ વધતી જાય એટલું ભૂલોનું પુનરાવર્તન ઓછું થતું જાય છે.

ક્ષમાપનાનો મૂળ મંત્ર આવો છે :

खामेमि सव्व जीवे सव्वे जीवा खमंतू मे ।
भित्ती मे सव्व भुएसु वेरं मज्झं न केणई ।।

(હું તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું. એ તમામ જીવો મને તેમના તરફના મારા અપરાધોની ક્ષમા આપો. તમામ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે. મારે કોઈ પણ જીવ સાથે વેરભાવ નથી.)

ક્ષમાપના પૂર્ણ ત્યારે બને જ્યારે તમામ જીવો પ્રત્યે મૈત્રી થાય. એટલે કાયિક, વાચિક કે માનસિક રૂપે કોઈ જીવ પ્રત્યે વેરભાવ ન હોય, કોઈનું શોષણ કરવાની ઇચ્છા ન હોય. આ પ્રાર્થનામાં 'સર્વ જીવો' એમ કહ્યું છે. માત્ર મનુષ્યો જ નહિ, જીવમાત્રનો આમાં વિચાર છે. કોઈ પણ જીવ પ્રત્યે હિંસાથી, અન્યાયથી કે અહંકારથી વર્તી ન શકાય એવો જીવનભાવ સ્વીકારીએ ત્યારે મૈત્રીભાવ જન્મે છે. મનુષ્યને હાનિ ન પહોંચાડીએ પણ સૃષ્ટિનાં લાખો પ્રાણીઓ અને જીવોની હિંસા કરતા રહીએ તો એ ક્ષમાપના અધૂરી છે.

ક્ષમાનો ભાવ જીવનના વ્યાપક સંદર્ભમાં સમજવો-સ્વીકારવો જરૂરી છે. વીસમી સદીમાં જીવનના જે કોયડા સર્જાયા છે, મનુષ્ય-જીવન જ જોખમમાં મુકાયું છે, ટેકનોલોજી હવે માણસના માથા પર બેસવા માંડી છે પ્રકૃતિ સાથેનો સાચો સંબંધ માણસ ભૂલવા માંડ્યો છે. ત્યારે કેવળ જીવો જ નહિ, જળ, જમીન, હવા, વૃક્ષો, ધ્વનિ, પ્રકાશને કેમ વાપરવાં તેનો નવેસરથી વિચાર કરવો પડશે. જો આપણે આ તત્ત્વોને ઘસારો પહોંચાડતાં હોઈએ, એને વેડફતાં હોઈએ, બેફામ વિનાશ કરતાં હોઈએ તો એ માણસજાતની મહાન ભૂલ ગણાશે. એટલે આ પંચમહાભૂતોની ક્ષમા માગી, જાગૃતપણે નવો આચાર અપનાવવો જરૂરી છે. ગાંધીજી પછી અહિંસાવિચારનો આ વધુ સૂક્ષ્મ, વધુ વ્યાપક અને વધુ સંવાદી આવિષ્કાર છે. એમાંથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિ, સમાજ અને સમષ્ટિને એકરૂપ અને અખંડ ગણવાં જોઈએ.

કોઈ વ્યક્તિ ઉપર ફરી વાર ક્રોધ ન કરીએ પણ સૃષ્ટિનાં આ સઘળાં તત્ત્વોના વિનિયોગ (Use, Application)માં ફરી ફરી એની એ ભૂલો કર્યા કરીએ તો આપણે અંતરથી ક્ષમાપના કરી છે એમ નહિ કહી શકાય. જીવમાત્રના કલ્યાણની, સૃષ્ટિનાં તમામ તત્ત્વોના કલ્યાણની ઝંખના એ મૈત્રીભાવ છે. એટલે મૈત્રીભાવનો આ કક્ષાનો વિકાસ એ સંવત્સરી પર્વનું હાર્દ છે. તો સમજાશે કે ક્ષમાપના એ શાબ્દિક ઘટના નથી, પરંતુ ઉચ્ચ સંકલ્પો લેવા માટેનું અને એને જીવતરમાં અમલમાં મૂકવાનું પર્વ છે. આપણી આસપાસના અને જાણીતાઓ સુધી જ મૈત્રીભાવ પૂરતો નથી, વિશ્વમૈત્રી સુધી વિકસવાનું છે.

સૃષ્ટિના તમામ જીવોમાં માત્ર મનુષ્ય જ આવું કરી શકે છે. કારણ કે તેને અંતઃકરણ (મન, બુદ્ધિ, અહંકાર વગેરે) મળેલાં છે. એ દ્વારા સ્વઅવલોકન, સ્વપૃથક્કરણ કરીને આત્મવત્ સર્વ ભૂતેષુનું આરોહણ કરી શકે છે. એટલે કે ક્ષમાપનાનો જીવનભાવ ચરિતાર્થ કરી શકે છે.

(આ લેખ લખવામાં શ્રી વીરેન્દ્રભાઈ શાહ (વલસાડ) સાથેની વાતો અને ચીમનલાલ હ. શાહના પુસ્તક 'અવગાહન'માંનો લેખ 'સંવત્સરી પર્વ' ખૂબ મદદરૂપ થયાં છે. તેમનો આભારી છું.)

**- મનસુખ સલ્લા**

## વાચકોના પત્રોમાંથી

હાલની વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં 'યુદ્ધ અને શાંતિ' પરના તમામ લેખો (ભૂ.૧૬-૫-'૨૬) વિચારપ્રેરક છે. છેલ્લા પાનની વાર્તાનો વિષય પણ એ જ ! લેખિકા આશા વીરેન્દ્રની મૌલિક વાર્તા હૃદયસ્પર્શી છે.

વડોદરા - **શાંતિલાલ ગઢિયા**
તા.૨૨-૫-'૨૬ ૦૨૬૫-૨૭૫૦૨૭૫

## આત્માને જાણીએ.. (પાન ૦૩નું ચાલુ)

* બૌદ્ધિક જ્ઞાનથી પાપ-નિસ્તાર નહીં થાય, તે તો આત્મજ્ઞાનથી થશે. આત્મસાક્ષાત્કારથી બધાં પાપ ખરી જશે.

* લખવા-વાંચવામાં શક્તિનો ઘણો બધો ક્ષય થાય છે. આત્મ-સાક્ષાત્કાર માટે જે જોઈએ, તે એક બાજુએ રહી જાય છે અને વચમાં ગ્રંથ આવી જાય છે.

* ઈશ્વરના સાક્ષાત્કાર ત્રણ રૂપે થાય છે. એક તો આમ જનતાના રૂપમાં, બીજું વિશાળ પ્રકૃતિના રૂપમાં અને ત્રીજું અંતર્યામીના રૂપમાં. આ ત્રણેય મળીને જ પરમાત્માનો સાક્ષાત્કાર પૂર્ણ થાય છે.

(ક્રમશઃ) (સંકલિત)

## ગ્રીસનો 'ઝીરો વેસ્ટ' ટાપુ... (પાન ૧૦નું ચાલુ)

ટિલોસમાં સ્થાયી થવા ખુલ્લું આમંત્રણ આપ્યું હતું. વિશ્વના લોકો ટિલોસ ટાપુવાસીઓના પર્યાવરણપ્રેમનો ખૂબ આદર કરે છે. સ્થળ છોડીને જવું એના કરતાં સ્થળને સારું બનાવવું એ ખૂબ મોટી વાત છે. આ સફળતા દુનિયાના તમામ ટાપુ સમુદાયો માટે એક પાઠ સમાન છે. દુનિયાનો સૌ પ્રથમ જીરો વેસ્ટ હોવાના ટાપુનું બિરુદ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ થયેલા 'જસ્ટગો જીરો ટિલોસ' કાર્યક્રમ અંતર્ગત મળ્યું છે. ૨૦૨૪માં બુડાપેસ્ટમાં યુરોપિયન એન્ટરપ્રાઈઝ પ્રમોશન એવોર્ડસ ખાતે ટિલોસ નગરપાલિકાને ટકાઉ વિકાસ માટે ગ્રાન્ડ યુરોપિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. ટિલોસ ટાપુને મળેલી સફળતામાં સ્થાનિક સમુદાયની ભાગીદારીનો મોટો હાથ છે. આ ટાપુની પર્યાવરણીય પ્રગતિ, જાગૃતિ સ્વચ્છ અને હરિયાળા ભવિષ્ય માટે એક બ્લુ પ્રિન્ટ સમાન છે.

સાભાર - ગુ.સ. **- હસમુખ ગજજર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ધાર્મિક તહેવારોની ભીડ ઘાતક બની રહી છે

**ધા**ર્મિક તહેવારની ઉજવણી અથવા કોઈ ખાસ દિવસે બાબાના દર્શનાર્થે એકઠી અને બેકાબૂ બનેલ ભીડમાં અનેક ભક્તોના જીવ ગયેલા છે. ગુજરાતમાં પાવાગઢ, ડાકોર, અમદાવાદમાં ભૂતકાળમાં અનેક લોકોએ જાન ગુમાવ્યા છે. વૈષ્ણોદેવીમાં પણ થોડા માસ અગાઉ બનેલ આ પ્રકારની ઘટનામાં કેટલાક નિર્દોષ ભક્તોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો.

હવે ગત ૩૧ માર્ચના રોજ કડક શાસન માટે ખ્યાતનામ બિહારમાં નાલંદા જિલ્લાના એક નાના ગામમાં શીતળામાતાના મંદિરમાં એકઠી થયેલ ભીડમાં ધક્કામુક્કીમાં ૭ મહિલાઓ સાથે ૮ વ્યક્તિઓનાં મોત અને ૯ વ્યક્તિઓ ઘાયલ થયેલ હોવાના સમાચાર માધ્યમોમાં પ્રગટ થયા છે. ૨૩ માર્ચના રોજ બિહાર સેકન્ડરી સ્કૂલ બોર્ડની ૧૨ ધોરણની પરીક્ષાનું પરિણામ જાહેર થયેલ. તેમાં નૂરસિરલ શહેરના મથુરાપુર ગામના ૨૦ વર્ષના યુવાન કિરણકુમારે ૬૭%એ સફળતા મેળવતાં તેના કુટુંબના આનંદનો પાર રહ્યો ન હતો. છેલ્લા ૧ દસકાથી તેના પિતા માનસિક રીતે બીમાર રહેતા હોવાથી કમાણી અને ઘરકામનો બોજો એકલી માતા પર હતો. માતાએ કુંદનને આગળ ભણવા પુસ્તકો ખરીદ કરવા રૂ. ૧૦૦૦ રોકડા આપ્યા અને પોતાનાં પુત્ર-પુત્રી સાથે શીતળા માતાની પૂજા અને આશીર્વાદ માટે મંદિરે જવાનું ઠરાવ્યું. ૩૧ માર્ચ ચૈત્ર માસનો છેલ્લો મંગળવાર હતો. તે પવિત્ર દિવસ ગણાતો હતો. આ કુંદનકુમાર, ૧ માસ અગાઉ જ તેની પરણાવેલી બેન શર્મિલા તેમ જ માતા રેખાદેવી સાથે સવારે ૭.૩૦ વાગ્યે મંદિરે પહોંચ્યાં. દર્શનાર્થીઓમાં મહિલાઓની સંખ્યા વધારે હોવાથી શર્મિલા અને રેખાદેવી અંદર પહોંચ્યાં. મંદિરની ભક્તો સમાવવાની ક્ષમતા ૫૦૦થી ૧૦૦૦ વ્યક્તિઓ સુધીની છે તેમાં સવારે જ આશરે ૧૦ હજાર લોકો એકઠા થઈ ગયા. શર્મિલા તેની માતાને લઈને મંદિરમાં અંદર ગયાં ત્યારે આટલી ભીડ ન હતી.

શર્મિલાનો આક્ષેપ છે કે મંદિરના મુખ્ય પંડિત બહાર નીકળવાના દરવાજેથી ભક્તો પાસેથી રોકડ રકમ વસૂલ કરી તેમને પ્રવેશ કરાવતા હતા. દાખલ થવાના તેમ જ બહાર નીકળવાના બંને રસ્તાઓ ચિક્કાર થઈ ગયા



હતા. ભીડનિયંત્રણ માટે એક પણ પોલીસ કે મંદિરનો સેવક હાજર ન હતા. અચાનક જ પાછળથી બેકાબૂ બનેલી ભીડનો ધક્કો વાગતાં મા-દીકરી છૂટાં પડી ગયાં. શર્મિલા એક ખૂણામાં ધકેલાઈ ગઈ અને રેખાદેવી નીચે પડી ગયાં. ચારે તરફ અરાજકતા ફેલાઈ ગઈ અને 'મૈં મર ગઈ, મૈં મર ગયા'ના દર્દનાક અવાજો સંભળાવા લાગ્યા. આ અંધાધૂંધીમાં થોડી વાર પછી મંદિરના સેવકોએ ઘાયલ થયેલ અને નીચે પડેલ દર્શનાર્થીઓને બહાર કાઢવાનું શરૂ કર્યું. રેખાદેવીનો તેમાં સમાવેશ થયો હતો. તેમને સ્થાનિક હૉસ્પિટલમાં લઈ જવાયાં જ્યાં તેમને મૃત જાહેર કરાયાં. તે દિવસે નાલંદા વિશ્વવિદ્યાલયના સમારોહમાં રાષ્ટ્રપતિનું ઉદ્‌બોધન હોવાથી કોઈ પોલીસ કે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ થઈ શકી ન હતી.

પોતાની માતા સાથે દર્શનાર્થે આવેલી પૂમન નામની મહિલાએ આક્રોશ સાથે આક્ષેપ કર્યો હતો કે જ્યારે અફરાતફરી મચી ત્યારે બંને દરવાજાઓ બંધ કરી દેવાયા અને મંદિરસેવકોએ બંબૂ લાકડીઓના સહારે ભીડને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કર્યો અને તેનાથી સ્થિતિ વધારે બગડી હતી. સ્થાનિક વેપારી અર્જુનસિંગે જણાવેલ કે ઘટનાના એક કલાક સુધી કોઈ મદદ આવી ન હતી. તેમનાં પત્ની તેમના હાથમાં જ ગુજરી ગયાં. અગાઉથી જ ભીડનું નિયંત્રણ કરવામાં આવ્યું હોત અથવા તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થઈ શકી હોત, તો અનેકના જીવ બચી ગયા હોત. તેમણે મંદિરપ્રશાસન સામે પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

આ દુર્ઘટનાના થોડા સમયના અંતરે જિલ્લાના પોલીસ તેમ જ મહેસૂલ અધિકારીઓ દોડી આવ્યા હતા. વ્યવસ્થાની ચકાસણી કરતાં તેમને સલામતી વ્યવસ્થામાં અનેક ખામીઓ જણાઈ હતી. મંદિર સાથે સંકળાયેલ કેટલાક લોકોની ધરપકડ કરાઈ છે. મુખ્ય પ્રધાને રૂ. ૪ લાખ તેમજ અન્ય ફંડોમાંથી બીજા રૂ. ૨ લાખ મળી દરેક મૃતકના વારસને રૂ. ૬ લાખના વળતરની જાહેરાત કરેલ છે.

દુર્ઘટનાગ્રસ્ત ઉત્સવઘેલા શ્રદ્ધાળુઓને તો આપણે શું કહીએ? પરંતુ આ લેખનો સાર એ છે કે દેશના અન્ય ભાગોમાં તો શું, પરંતુ બિહારમાં ૨૦૧૨માં નવે. ૧૯ તારીખે આવી દુર્ઘટનામાં ૨૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૩ ઑક્ટો. ૨૦૧૪ના રોજ પટણામાં આવી ઘટનામાં ૩૪ લોકોના જાન ગયા હતા. ૪ નવે. ૨૦૧૭માં બેગલસરાઈમાં ૩ વ્યક્તિઓ મૃત્યુ પામેલ. આ બધી દુર્ઘટનાઓમાંથી આપણે ક્યારે બોધપાઠ લઈશું ?

*

# ધર્માંતર : ધર્મ નિરપેક્ષતાને પડકાર

છેલ્લા થોડા વખતમાં મુસ્લિમો હિંદુમાંથી મુસ્લિમ ધર્મમાં ધર્માંતર કરાવતા હોવાના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હોવાનું મિડીઆ જણાવે છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશ તેમ જ ઉત્તરાખંડમાં વ્યાપક પ્રમાણમાં ધર્માંતર થયાનો આરોપ છે. આ કેસોમાં તપાસ ચાલુ છે.

હિંદુ ધર્મમાંથી મુસ્લિમ ધર્મમાં મોટાપાયે ધર્માંતર સૌ પ્રથમ ૧૯૮૧માં તામિલનાડુના મિનાક્ષીપુરમમાં થયેલ જોવા મળે છે. તેમાં ૫૫૮ દલિતોએ તેમના પર થતા અત્યાચારોથી બચવા મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો હતો. આ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બનાવ સામે પોતાના પ્રત્યાઘાત આપતાં જાણીતા અને લોકપ્રિય નેતા અટલ બિહારી બાજપેયીએ જણાવેલ કે હિંદુ ધર્મ જન્મ અને જ્ઞાતિ આધારિત ભેદભાવ સહિતની અનેક બીમારીઓથી પીડાઈ રહ્યો છે. આમ આ ધર્માંતરનું મૂલ હિંદુ ધર્મમાં પ્રચલિત જાતિગત ભેદભાવ અને અસમાનતામાં રહેલું છે.

ધર્માંતર, ખાસ કરીને મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતર, ખૂબ વિવાદાસ્પદ મુદ્દો બની રહ્યો છે. Religion Freedom and mass Conversion in India પુસ્તકના લેખક લૌરા ડી. જેન્કીન્સ કહે છે કે ધર્માંતર ગરીબ અને નિરક્ષર માટે જ નહીં, પરંતુ એકતા માટે પણ ખતરનાક છે, તેવો ગાંધીજીનો મત હતો. આ કરતાંયે મોટા પાયે ધર્માંતરનો ડૉ. આંબેડકરનો કિસ્સો ખૂબ જાણીતો છે. તેમણે ૧૩ ઑક્ટો. ૧૯૩૫ના રોજ પોતે હિંદુ ધર્મનો ત્યાગ કરવાના પોતાના ઇરાદાની જાહેરાત કરી હતી. તેમના મતે ધર્માંતર મુક્તિનું કૃત્ય હતું. વચ્ચેના સમયગાળા દરમ્યાન તેમણે હિંદુ ધર્મ છોડી પોતાની પસંદગીનો કોઈ પણ ધર્મ સ્વીકારવા લોકોને હિમાયત કરી હતી. તેમણે શીખ ધર્મ અપનાવવા પણ ભલામણ કરેલ હતી. તેમની આ ઝુંબેશને હિંદુ મહાસભા નેતા ડૉ. બી.એસ.મોનજીનો અણધાર્યો ટેકો મળ્યો. પરંતુ ગાંધીજી, રાજ ગોપાલાચારી અને પંડિત મદનમોહન માલવિયાએ આ મુદ્દે ડૉ. આંબેડકરનો વિરોધ કર્યો. ગાંધીજીએ એવી ભીતિ પ્રકટ કરી કે જો ડૉ. આંબેડકર હિંદુ ધર્મનો ત્યાગ કરશે તો તેમના અનુયાયીઓ તેમને છોડી દેશે. જોકે ગાંધીજીની આ ભીતિ કારગત નીવડી ન હતી. આંબેડકરે ૧૯૫૬માં હિંદુ ધર્મ છોડ્યા બાદ પણ તેમના લાખો અનુયાયીઓ આંબેડકરની પડખે રહ્યા હતા.

ધર્માંતર પર નિયંત્રણ મૂકવાની વૈધાનિક પ્રક્રિયા બ્રિટિશ શાસન દરમ્યાન જ શરૂ થઈ ચૂકી હતી. Raigadh State Conversion Act, 1936 and Patna Freedom of Religion Act 1942 માં પસાર કરાયા હતા. બંધારણસભામાં આ મુદ્દે ચર્ચા બાદ બંધારણ અનુચ્છેદ – ૨૫ ઘડવામાં આવેલ. અનુચ્છેદ-૨૫ હેઠળ ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર અનેક રીતે વિશિષ્ટ છે. ધર્મ સ્વાતંત્ર્યના આ મૂળભૂત અધિકારમાં અંતઃકરણ, મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારના સ્વાતંત્ર્યનો પણ સમાવેશ થાય છે. આ અધિકાર નાગરિક તેમજ બિનનાગરિક (વિદેશી વ્યક્તિ)ને પણ ઉપલબ્ધ છે. આનો અર્થ એ છે કે દરેક વ્યક્તિ પોતાની રીતે મુક્તપણે કોઈ પણ ધર્મ પસંદ કરી શકે છે. ધર્મ પાળવાનું ફરજિયાત નથી. તમે કોઈ પણ ધર્મનું પાલન કર્યા સિવાય નાસ્તિક તરીકે પણ ગૌરવપૂર્વક જીવન ગુજારી શકો છો.

અલબત્ત, ધર્મસ્વાતંત્ર્યનો આ અધિકાર, બંધારણ હેઠળના મૂળભૂત અધિકારો, જાહેર વ્યવસ્થા, નીતિમત્તા તેમ જ સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે તેનો ઉપભોગ કરી શકાય.

સ્વતંત્ર ભારતમાં ધર્માંતર વિરોધી અનેક કાયદાઓ પસાર થયા છે. દા.ત. The Orissa Freedom of Religion Act, 1976 તેમજ Madhya Pradesh Dharma Swatantraya Adhiniyam, 1968 મુખ્ય છે. ભાજપ શાસિત રાજ્યોએ આ કાયદામાં સુધારો કર્યો છે. આ સુધારા પાછળ 'લવ જેહાદ'નો ખ્યાલ પણ કારણભૂત છે. Uttrakhand Freedom of Religion, 2018 તેનું ઉદાહરણ છે. ૨૦૨૨માં આ કાયદો વધુ કડક બનાવાયો. ૨૦૨૫માં આ કાયદો વધુ કડક બનાવવા ખરડો પેશ કરાયો છે. ધારાસભાએ પસાર કરેલ સુધારો રાજ્યપાલે ધારાસભાને પરત મોકલેલ છે.

ઉત્તરાખંડના આ કાયદા હેઠળ ૨૦૨૩માં ૨૦ કેસો દાખલ કરાયા હતા અને સપ્ટે. ૨૦૨૫ સુધીમાં ૧૮ કેસો દાખલ કરાયા હતા. કોંગ્રેસ શાસિત રાજ્ય હિમાચલ પ્રદેશે Himachal Pradesh Freedom of Religion Act, 2006 ઘડેલ છે. જયલલિતા સરકારે પણ Tamil Nadu Prohibition of Forcible Conversion of Religion Act, 2002 પસાર કર્યો છે. આવા કાયદાઓથી ધર્માંતરના કારણ હેઠળ હિંસાના બનાવોમાં વધારો થયો છે અને તેનાથી દેશની ધર્મનિરપેક્ષ છબી અને તેના માળખાને નુકસાન પહોંચ્યું છે. જ્યારે અનુ.૨૫ હેઠળ ભારતની દરેક વ્યક્તિને મુક્તપણે કોઈ પણ ધર્મમાં માનવા કે ન માનવાનો મૂળભૂત અધિકાર પ્રદાન કરાયેલ છે અને બળજબરીથી ધર્માંતર વર્તમાન કાયદા હેઠળ ગુનો બને છે, પછી Freedom of Religion ના રૂપાળા નામ હેઠળ ધર્માંતર સજાપાત્ર અલગથી ગુનો ગણવાની જરૂર જણાતી નથી.

(માહિતી સૌજન્ય : The Hindu તા. ૬ એપ્રિલ ૨૦૨૬ના અંકમાં શેખ મુજીબુર રહેમાનનો લેખ)

**– પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ**

૧૬, શ્યામવિહાર, એગોલા રોડ,
પાલનપુર-૩૮૫૦૦૧. જિ.બનાસકાંઠા, મો.: ૯૩૭૪૦૧૮૧૧૧.

---

**સ્વસ્થ સમાજનું...** (પાન ૧૧નું ચાલુ)

શોધીને અને તેને ફેલાવીને ! આ પરિકલ્પનાઓ જ માનવોને બાંધી રાખે છે. નાઝીવાદ કે જેહાદ જેવી બાબતો શક્તિશાળી નેટવર્ક છે જે ભ્રમણાત્મક વિચારોને પ્રસરાવીને બધાને સાથે રાખે છે. લેખક જ્યોર્જ ઓરવેલ તેને ''અજ્ઞાન જ શક્તિ છે'' એમ કહે છે.

પછી લેખક હરારી આ માહિતી કેટલી ઉપયોગી છે અને કેટલી જોખમી છે તેનું વિશ્લેષણ કરે છે અને માનવને ચેતવે છે. પછી તેઓ કહે છે કે વિનાશથી બચવા માહિતીનો સાચો ઉપયોગ કેમ કરી શકાય તે માનવે શીખવું પડશે. આ કેળવણી જ તેને બચાવી શકશે અને નેટવર્ક દ્વારા મળતી માહિતી તેને કેમ ઉપયોગી બની શકે તે સમજ કેળવવી પડશે. તેનાથી સમતુલા સ્થપાશે અને સત્તા અને શક્તિનો યોગ્ય ઉપયોગ કરતા આવડશે.

પુસ્તક એટલું તો ઊંડાણથી સમજાવે છે કે વાંચતાં વાંચતાં જ તૃપ્તિ મળે છે અને વાચકની વિશ્વ બાબતની સમજ (understanding) સ્વસ્થ થાય છે. જે કોઈને પણ ભૂલથી પણ વિચારવાની કુટેવ હોય અને છીછરા અભિપ્રાયોમાં જરા પણ રસ ન હોય, એટલે કે સોશિયલ મિડિયાના અંધ ભક્ત ન હોય, તેમને આ પુસ્તક જ્ઞાનનું બાઇબલ કે ગીતા સમાન લાગશે.

**– હરેશ ધોળકિયા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગ્રીસનો 'ઝીરો વેસ્ટ' ટાપુ

દુનિયાના સૌથી પ્રદૂષિત ટાપુઓની વાત નીકળે ત્યારે હેન્ડરસન ટાપુનું નામ લેવામાં આવે છે. દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં આવેલો આ ટાપુ યુનેસ્કોનાં વિશ્વ વિરાસત સ્થળોમાંનો એક છે. આ માનવ-વસ્તી વિહોણા વિશ્વ ધરોહર ટાપુ પર ૩.૮ કરોડથી પણ વધારે પ્લાસ્ટિકના ટુકડાઓ વેરાયેલા છે. સાઉથ પેસિફિક ગાયર તરીકે ઓળખાતા સમુદ્રી પ્રવાહોનું ચક્ર લાખો ટન કચરો અહીં ઠાલવી દે છે. મહાસાગરો તો જાણે કે ડસ્ટબીન હોય એમ લાખો કરોડો ટન કચરો ઠાલવવામાં આવે છે. હેન્ડરસન જ નહીં, દુનિયાભરના ટાપુઓના કાંઠા ઉપર હવે જોખમ વધી રહ્યું છે. કુદરતી સ્થળોનું પ્રવાસઆકર્ષણ ટાપુઓની ઇકો સિસ્ટમ બગાડી રહ્યું છે ત્યારે યુરોપના ગ્રીસ દેશનો એક ૬૩ ચોરસ કિમી વિસ્તાર ધરાવતો ટિલોસ ટાપુ વિશ્વનો પ્રથમ જીરો વેસ્ટ ટાપુ હોવાનું ગૌરવ ધરાવે છે.

એક સમયે ટિલોસ ટાપુ પર ૮૭ થી ૯૦ ટકા જેટલો કચરો લેન્ડફિલમાં જતો હતો પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી કચરાનું ૧૦૦ ટકા રિસાયક્લિંગ અને કમ્પોસ્ટિંગ કરવામાં આવે છે. આ ટાપુના જાહેર માર્ગો પર ક્યાંય કચરાના ડબ્બા જોવા મળતા નથી. ઘરે ઘરેથી કચરો ઉઘરાવીને દરરોજ રિસાયક્લિંગ કરવામાં આવે છે. દરેકના ઘરે રિસાયકલ અને નોન રિસાયકલ કચરા માટેના અલગ બોક્સ અને ઓર્ગેનિક કચરા માટે એક બેગ આપવામાં આવે છે. આ બેગમાં દરેક ટાપુવાસીએ કચરાના યોગ્ય નિકાલ માટે આપેલા યોગદાનનો હિસાબ રાખવામાં આવે છે. ઘર ઉપરાંત વ્યવસાયસંસ્થાનો અને દુકાનોમાંથી પણ દરરોજ કચરો ઉઘરાવીને ઇનોવેશન સેન્ટરમાં લાવવામાં આવે છે. અહીંયાં કચરો ૧૫થી વધુ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે જેમાં રિસાયકલ કરી શકાય તેવી સામગ્રી, કાગળ, પ્લાસ્ટિક, ધાતુઓ, કાચ તેમજ કાર્બનિક કચરાનો સમાવેશ થાય છે.

કચરામાંથી મળતી તમામ વસ્તુઓનું રિસાયક્લિંગ કરવામાં આવે છે. સિમેન્ટ ઉદ્યોગ માટે વૈકલ્પિક બળતણ પણ કચરામાંથી મળે છે. જૈવિક કચરાને કમ્પોસ્ટ કરીને માટી અને ખાતરમાં બદલી નાખવામાં આવે છે, જે સ્થાનિક કૃષિમાં ઉપયોગી થાય છે. ટોયલેટ રોલ, અને ડાયપર જેવી સામગ્રીને સૂકવીને કે છીણીને સિમેન્ટ ભઠીઓ માટે બળતણ તરીકે કામે લેવાય છે. કચરાનું વ્યવસ્થાપન અને રિસાયક્લિંગથી ટાપુનું લેન્ડસ્કેપ સુંદર બનવાની સાથે ઇકો સિસ્ટમનું રક્ષણ થયું છે.

પ્રવાસન પર નભતા ટાપુવાસીઓએ ભૌતિક સુવિધાઓ અને હોટેલ મોટેલની સુવિધાઓ ઊભી કરવી પડે છે પરંતુ આ સુવિધાઓથી પ્લાસ્ટિક, કાગળ અને પેકિંગની નકામી વસ્તુઓ જમીન પર ના પડી રહે તેનું ટાપુવાસીઓ ધ્યાન રાખે છે. ટિલોસને એજિયન સમુદ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે ટકાઉ વિકાસ માટે એક મોડેલ તરીકે વિકસાવવામાં આવ્યું છે. કચરાનું વ્યવસ્થાપન ફક્ત ગ્રીન લેબલ નથી પરંતુ પર્યટનનો આત્મા સમજવામાં આવે છે. પ્રકૃતિના આદરને જીવન સાથે વણી લઈને દૈનિક જીવનચક્ર પર્યાવરણને અનુકૂળ બનાવી શકાય છે તેનું આ એક ઉદાહરણ છે. ૫૯૧ પરિવારોનું ઘર ગણાતા ટાપુ પર પ્રવાસન સિઝનમાં ૩૮૦૦૦થી વધુ પ્રવાસીઓ મુલાકાત લે છે. આ તમામ પ્રવાસીઓએ ટાપુને ગ્રીન રાખવાના નિયમોનું પાલન કરવાનું ફરજિયાત છે. પ્રવાસીઓ ઝીરો પોઇન્ટ ઇન્ફર્મેશન સેન્ટર પરથી ખરીદી માટે કાપડની થેલીઓ લઈ શકે છે.

બિન પરંપરાગત ઉર્જાસ્રોતોમાંથી વીજળીનું ઉત્પાદન કરીને કાર્બન ફૂટ પ્રિન્ટમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. વીજળી માટે હાઈબ્રિડ વિન્ડ અને પીવી બેટરી સિસ્ટમ પર આધાર રાખે છે. આ ટાપુ એક સમયે કોલસા અને તેલ આધારિત વીજળી પર આધાર રાખતો હતો અને વારંવાર પાવર કટની સમસ્યાથી પીડાતો હતો. આ ટાપુ પર વધુ પડતા વિકાસ બાંધકામ પર નહીં પરંતુ પર્યાવરણ જતન અને ટકાઉપણા પર ભાર મૂકે છે. પર્વતારોહકો, પ્રકૃતિપ્રેમીઓ આ ઉપરાંત જેમને એકાંત પસંદ છે એમના માટે ટિલોસ સ્વર્ગ સમાન છે. ટિલોસમાં શાનદાર મધ્ય યુગીન કિલ્લા, કુદરતી ઝરણાં ધરાવતા પર્વત, સ્વચ્છ દરિયાકાંઠો, નાના હાથીઓની પ્રાગૈતિહાસિક ગુફા અને મિકો હોરિયાનું એક મધ્યયુગીન ઉજ્જડ ગામ જોવા માટે લોકો આવે છે. મેસારિયા ક્ષેત્રમાં હરકાડિયોની ગુફા ૪૦૦૦ વર્ષ પહેલાં યુરોપના નાના હાથીનું અંતિમ નિવાસ હતું. એવું માનવામાં આવે છે કે ટિલોસ ટાપુ ૬૦ લાખ વર્ષ પહેલાં એશિયા માઈનરના તટ સાથે જોડાયેલો હતો.

નાના હાથીઓને જીવતા રહેવા માટે નવા વાતાવરણમાં ઢળવું પડ્યું હતું. લીલી ચાદર ઓઢેલી પહાડીઓ ટિલોસની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે, બદામ, ઓર્કિડ, ઓક, સુગંધિત ઘાસ, સફેદ રંગનાં ઘર, ફૂલોથી સજાવેલાં આંગણાં અને પત્થરની સાંકળી ગલીઓ રોમાંચિત કરી દે છે. પરંપરાગત શૈલી ધરાવતું મેગાલો હોરિયો ટિલોસના ઉત્તરી ભાગમાં આવેલી રાજધાની કસ્બો છે. એજિઓસ સ્ટેફાનોસની પ્રાકૃતિક રૂપથી જોડાયેલી પહાડી પર નાઈટ્સનો કિલ્લો આવેલો છે. ૧૫મી શતાબ્દીમાં સેંટ જોન નાઈટ્સ દ્વારા સ્થાપિત પ્રાચીન આ કિલ્લો એક્રોપોલિસના અવશેષો પર બનાવવામાં આવ્યો હતો. મધ્ય યુગમાં દરિયાઈ ચાંચિયાઓ અને ડાકુઓથી રક્ષણ માટે કિલ્લાની અંદર ગામ વસાવવામાં આવ્યું હતું.

ટિલોસ ટાપુ ૪૦૦ વનસ્પતિ, ઔષધિઓની પ્રજાતિઓ અને ૧૨૫થી વધુ પક્ષીઓની પ્રજાતિનું ઘર છે. યુરોપ અને આફ્રિકા વચ્ચે સ્થળાંતર કરતાં પક્ષીઓ માટે ટિલોસ એક મહત્ત્વનું રોકાણ છે. જેમાં દુર્લભ બોનેલીનું ગરુડ અને અલિઓનોરાના બાજનો પણ સમાવેશ થાય છે. લુપ્તપ્રાય ભૂમધ્યસાગરીય મોંક સીલ (મોનેક્સ) પણ જોવા મળે છે. ટિલોસ ટાપુને મળેલી આ ઓળખ સ્વર્ગસ્થ મેયર, ટાઓસ એલિફેરિસને આભારી છે જેમણે ટિલોસને 'ગ્રીસનો લીલો ટાપુ' તરીકે પ્રતિષ્ઠા અપાવી હતી.

એલિફેરિસે ૧૯૯૩માં ટાપુ પર કોઈ પણ જીવનો શિકાર કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમણે ટકાઉ વિકાસ અને માનવ અધિકારોનું સમર્થન કર્યું હતું. આસપાસ રહેતા સ્થાનિક લોકોને, શરણાર્થી પરિવારોને

(જુઓ પાન નં. ૦૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સ્વસ્થ સમાજનું સૂચન કરતું પુસ્તક : નેક્સસ


**વ**ર્તમાનમાં વૈશ્વિક ચિંતન કરનારા જે વિચારકો છે, તેમાં ઇઝરાઇલના ઇતિહાસજ્ઞ અને વિચારક યુવલ નોઆહ હરારી અગ્રણી છે. તેઓ તેમનાં ત્રણ પુસ્તકો 'હોમો સેપિયન', 'હોમો ડીઅસ' અને 'ટ્વેન્ટી વન ક્વેશ્ચંસ ફોર ટ્વેન્ટી સેન્ચ્યુઅરી'થી જાણીતા છે. આ ત્રણે પુસ્તક વાંચવા મળે (ગુજરાતીમાં પણ આવી ગયેલ છે) તો વૈચારિક રીતે ધન્યતાનો અનુભવ થાય. આપણે ઊંડાણથી વિચારવાને ટેવાયેલ નથી. એટલે આવા કોઈ વિચારક વાંચવા મળે તો આનંદ આવી જાય.

આ હરારીએ તાજેતરમાં ચોથું પુસ્તક પ્રકાશિત કર્યું છે : 'નેક્સસ' (Nexus). તેમાં તેમણે વળી નવો જ - છતાં ખૂબ ઉપયોગી - વિષય હાથમાં લીધો છે. તેમાં તે પત્થરયુગથી લઈને આજના એ.આઈ. સુધી માહિતીના નેટવર્કનો ઇતિહાસ આલેખે છે. લગભગ પાંચસો પાનાંના આ પુસ્તકને વાંચીએ તો દરેક પાને નવી અને અદભુત માહિતી મળે છે જે વિષે આપણે કલ્પનામાં પણ વિચારી ન શકીએ. જો વિચાર કરવાની કુટેવ હોય તો અવશ્ય વાંચવા જેવું છે ! અહીં તેની વ્યાપક ચર્ચા તો શક્ય નથી, પણ માત્ર તેણે પ્રસ્તાવનામાં જે મુદ્દા મૂક્યા છે તેને જ તપાસીએ.

તે કહે છે કે આપણે માનવજાતને 'હોમો સેપીંસ' એટલે કે ડાહ્યો માનવ, એવું નામ આપેલ છે. પણ એ શંકાસ્પદ છે કે માનવ આ નામને જીવી શક્યો કે કેમ ! છેલ્લાં એક લાખ વર્ષ દરમ્યાન મનુષ્યે કલ્પનાતીત સત્તા અને તાકાત એકઠાં કર્યાં છે. તેણે કરેલ શોધો, વિજયો વગેરેએ નોંધીએ તો સેંકડો પુસ્તકો થાય. પણ, લેખક કહે છે, સત્તા કે શક્તિ ડહાપણ નથી. અને લાખ વર્ષની આ બધી ઉપલબ્ધિઓ પછી પણ આજે એવી સ્થિતિ થઈ છે કે મનુષ્યનું અસ્તિત્વ જ ભયમાં આવી પડ્યું છે. મનુષ્યે આ સત્તા અને તાકાતનો જે દુરુપયોગ કર્યો છે, તેના પરિણામે જે પર્યાવરણીય અધઃપતન થયું છે તે પણ માની ન શકાય તેટલું છે. અને છતાં આજે પણ નવી નવી ટેકનોલોજીઓ શોધી રહ્યા છીએ, આર્ટીફીશીઅલ ઇન્ટેલીજન્સ જેવી, જેની પાસે આપણને ગુલામ બનાવવાની અને આપણો નાશ કરવાની પણ આત્યંતિક તાકાત છે. આ અસ્તિત્વગત પડકારોનો સામનો કરવાને બદલે માનવજાતના પલાયનવાદના કારણે આંતરરાષ્ટ્રીય તાણ વધી રહી છે, વૈશ્વિક સહકારમાં ઘટાડો થતો જાય છે, બધા જ દેશો શસ્ત્રોમાં વધારો કરે છે અને નવા વિશ્વયુદ્ધની શક્યતા વધારે છે.

એટલે, લેખક વેધક સવાલ કરે છે, જો આપણે ડાહ્યા હોઈએ, તો પછી સ્વ-વિનાશકતા તરફ કેમ આગળ વધી રહ્યા છીએ ?

અને, લેખક આગળ કહે છે, ભલે આપણે ડી.એન.એ.થી માંડીને હજારો પ્રકાશ વર્ષ દૂર આવેલ ગ્રહમાળાઓ સુધી બધી માહિતી એકઠી કરી છે, પણ આ બધી વ્યાપક અને વિરાટ માહિતી પણ જીવનના અગત્યના સવાલોના જવાબ આપવા સમર્થ બની શકી નથી, જેવા કે, આપણે કોણ છીએ, આપણી સાચી ઇચ્છા શું હોવી જોઈએ, સારું અને સ્વસ્થ જીવન એટલે શું અને તે કેમ જિવાય ? વગેરે. પુષ્કળ માહિતી વચ્ચે પણ આપણે આપણા પૂર્વજોની જેમ કલ્પના અને ભ્રમણામાં જીવીએ છીએ. જગતના આવા બે આધુનિક દાખલા નાઝીવાદ અને સ્તેલીનવાદ છે. (તેમાં હવે ટ્રમ્પને પણ ઉમેરી શકાય.) આ બધાં સામૂહિક પાગલપણાનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે ! આજે કોઈ શંકા નથી કરતું કે માનવજાત પાસે પત્થરયુગ કરતાં અઢળક માહિતી અને તાકાત છે. પણ આ બાબત અનિશ્ચિત છે કે શું આપણે આપણી જાતને, અને જગતમાં આપણી શું ભૂમિકા છે તે બાબતે કંઈ પણ સમજીએ છીએ ખરા ?




શા માટે આપણે માહિતી અને તાકાત વધારવામાં માહેર છીએ પણ ડહાપણ પ્રાપ્ત કરવામાં નબળા છીએ ? ઇતિહાસમાંથી જવાબ શોધીએ તો અનેક પરંપરાઓ કહે છે કે આપણા, એટલે કે માનવ સ્વભાવમાં, એવો કોઈક, ફિલ્મી ભાષામાં 'કેમિકલ લોચો' છે, જે માણસ પોતે નિયંત્રિત પણ ન કરી શકે તેવી તાકાત મેળવવા પાછળ દોડે છે.

માનવે ક્યારે પણ તેને અપાતી ચેતવણીઓને માની નથી. પરિણામે, માનવના કારણે પૃથ્વી તેની પર્યાવરણીય સમતુલા ગુમાવી બેઠી છે અને જૂની ભાષામાં, હજારો લાખો સાવરણીઓ, ડ્રોન, ચેટ્બોટ્સ અને બીજા અલ્ગોરીથ્મેટીક્સ જેવાં ભૂતોને આમંત્રણ આપ્યાં છે, જે માનવના નિયંત્રણને માનતાં નથી અને પરિણામે નુકસાન કરે છે.

તો પછી આપણે કરવું શું ?

આજે એક વ્યક્તિ અસાધારણ સત્તા મેળવે છે અને પછી અભિમાન અને લોભથી ભ્રષ્ટ થઈ જાય છે. મુદ્દો એટલો જ છે કે માનવનું નબળું વૈયક્તિક મનોવિજ્ઞાન તેને આ સત્તા કે બળનો દુરુપયોગ કરાવે છે. પણ આ મનોવિજ્ઞાન કહી શકતું નથી કે માનવબળ ક્યારે પણ વૈયક્તિક પહેલથી નથી આવતું, પણ વિશાળ માનવસમૂહોના સહકારમાંથી પ્રગટે છે. વ્યક્તિગત રીતે માનવ કદાચ ક્રૂર કે લોભી હશે, પણ સાથે તે પ્રેમાળ, દયાળુ પણ છે. લેખક કહે છે કે હકીકતે મનુષ્યો વિરાટ નેટવર્ક બાંધીને અસાધારણ સત્તા મેળવે છે. પણ જે રીતે આ નેટવર્ક તૈયાર થાય છે, તે સહજ રીતે સત્તાનો દુરુપયોગ કરે છે. એટલે સમસ્યા નેટવર્કની છે.


આ નેટવર્કમાં પણ મૂળ સમસ્યા માહિતી છે. તે જ નેટવર્કને બાંધી રાખે છે. લાખો વર્ષથી માનવજાતે વિરાટ નેટવર્ક તૈયાર કર્યાં છે અને જાળવ્યાં છે. કઈ રીતે ? જાદુઈ સાવરણી, ઈશ્વર કે એ.આઈ. જેવી કાલ્પનિક વાતો, કલ્પનાઓ અને સામૂહિક ભ્રમણાઓ

(જુઓ પાન નં. ૦૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પસાર થતી ક્ષણને પૃષ્ઠ પર થિજાવી રાખનાર રઘુ રાય




**ભો**પાલ, ડિસેમ્બર ૨/૩ ૧૯૮૪. MIC Gas શહેરમાં ફેલાયો અને જોતજોતાંમાં ૫૦૦૦ લોકો મૃત્યુ પામ્યા. વર્ષો સુધી લાખો લોકો એક યા બીજી બીમારીથી પરેશાન થતા રહ્યા. જેવી આ વાત આપણને યાદ આવે ત્યારે તરત જ ભોપાલ ત્રાસદી–ડિઝાસ્ટરના ફોટાઓ આપણી સામે આવી જાય. આના તસવીરકાર રઘુ રાય આજે આ દુનિયામાં રહ્યા નથી.

રઘુ રાયનો જન્મ ૧૮ ડિસેમ્બર, ૧૯૪૨ના રોજ પાકિસ્તાનમાં થયો હતો. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ દિલ્હીમાં તેમનું ૮૪ વર્ષની વયે અવસાન થયું. તેઓની ગણતરી 'Father of Indian photojournalism' તરીકે થાય છે. તેમણે મહત્ત્વના ન્યુઝ પેપરમાં ફોટોગ્રાફર તરીકે કામ કર્યું. મુક્ત રહીને પણ ઘણું કામ કર્યું.

## ■ ભોપાલ ડિઝાસ્ટર

ગ્રીન પીસ સંસ્થા માટે તેમણે ભોપાલના ફોટોગ્રાફ પાડ્યા હતા. ઓગસ્ટ ૨૦૦૨માં Greenpeace એ રિપોર્ટ બહાર પાડ્યો – Corporate Crime. - Bhopal Principles - The Indian Cases. રિપોર્ટના કવરપેજ પર રઘુ રાયના ફોટોગ્રાફ્સ છે. રાયના ફોટોગ્રાફની એક બુક તે વખતે બની હતી. Exposure : a corporate crime.






















આ ચિત્રોનાં પ્રદર્શનો અમેરિકા–યુરોપમાં યોજાયાં.

વર્ષ ૨૦૧૭માં રઘુ રાયની દીકરી અવની રાયે તેમના પિતા પર એક ડોક્યુમેન્ટ્રી બનાવી નામ આપ્યું – Raghu Rai : An unframed Portrait.

રઘુ રાયે ૧૮ જેટલાં કલાત્મક પુસ્તકો તૈયાર કર્યાં છે, જેમાં સ્થળો, વ્યક્તિઓ, શહેર તેમજ વિશેષ ઘટનાઓને કવર કરવા પ્રયત્ન કર્યો છે. ઇન્દિરા ગાંધી, મધર ટેરેસા, દલાઈ લામા, ફિલ્મી કલાકારો, સુંદરલાલ બહુગુણા, ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન.... જેવી નામાંકિત વ્યક્તિઓના ફોટા પાડ્યા છે.

Book : (1) Picturing Time - Raghu Rai, (2) India Through the eyes of Raghu Rai, (3) Amritsar - A City in Rememberance, (4) Raghu Rai Trees. (5) Bangladesh - The Price of Freedom.


‘કચ્છ મિત્ર’માં શ્રી જ્વલંત છાયાભાઈ તેમની કોલમમાં લખે છે–

‘‘રઘુ રાયની એક તસવીર મનમાં જ જડાઈ ગઈ છે. વડાપ્રધાન તરીકે ઇન્દિરા ગાંધી બેઠાં છે અને સામે આખું મંત્રીમંડળ – બધા જ પુરુષો ઊભા છે. આ ફક્ત ફોટોગ્રાફી નથી. ભારતની રાજનીતિના એક કાળખંડનો એક દસ્તાવેજ છે. ભારતનાં રાજકારણનો એ તે સમયનો અરીસો છે.’’


















YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૩

**અ**ત્યારે ઉગ્ર ગરમીના દિવસો છે ત્યારે વરસાદ અને આવનારી રેલ (Floods)નો વિચાર જ થોડી રાહત અવશ્ય આપે. પરંતુ ફ્લડનો કરુણ ઇતિહાસ પણ જાણવા જેવો છે.

વર્ષ ૧૯૯૧માં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટે 'Flood, flood plains and Environmental Myths' રિપોર્ટ પ્રગટ કર્યો હતો. શું ડેમ અને નદીના કિનારે પાળા બાંધવાથી ફ્લડને નાથી શકાય છે ? ફ્લડ આવવામાં કયા કયા વિવિધ પ્રવાહો કામ કરે છે ? દિવસે દિવસે ફ્લડની સંખ્યામાં વધારો કેમ થતો જાય છે ?

૧૯૫૦ના દશકામાં જે ફ્લડ એરિયા હતો તેમાં પ્રતિ વર્ષ ૬.૪૮ મિલિયન હેક્ટરનો વધારો થતો રહ્યો અને ૧૯૭૦ના દશકામાં ૯ મિલિયન હેક્ટર થયો. આ વધારા માટે વરસાદમાં કોઈ મોટું પરિવર્તન જવાબદાર નથી. આ માટે મોટા પાયે જંગલો ખતમ કરવાં, વરસાદી પાણીના વહેણને મુક્તપણે અટકાવનારાં પરિબળોમાં પુલો (Bridges) બાંધવા, નવા નવા રસ્તા-રોડ્સ, રેલવે લાઈનો તેમજ વિવિધ પ્રકારની માળખાકીય સગવડો, નવા નવા પ્રોજેક્ટસ, મોટા પાયે શહેરીકરણ, નદીઓને પાળા બાંધીને ઘેરવી - જેવાં અનેક નાનાં મોટાં કારણો ગણાવી શકાય.

હિમાલયમાં નદીના સ્રાવ વિસ્તાર (કેચમેન્ટ વિસ્તાર)માં મોટા પાયે જંગલો સાફ કરવામાં આવ્યાં છે.

બ્રિટિશ પર્યાવરણવીદ Norman Myers નું કહેવું છે -

"In much of the Himalaya there is widespread deforestation in mountain catchment areas, leading to environmental 'backlash effects'. in the form of flooding and droughts, soil erosion, sedimentation and siltation, and a host of similar problems in flood plains of Ganga and Brahmputra among other major rivers."

- Journal of World Forest Resource Management.

વિશ્વસ્તરે ૨૦મી સદીમાં જમીનના ૬૦ ટકા વિસ્તારમાં જંગલો હતાં હવે માત્ર ચોથા ભાગમાં જંગલો બચ્યાં છે. ભારતમાં નામ માત્રનાં જંગલ બચ્યાં છે. આના કારણે ફ્લડ આવે છે. પહેલાં વરસાદનાં પાણી જંગલ અને ઘાસમાં પકડાઈ રહીને ધીરે ધીરે નદીમાં વહેતાં હતાં. ગંગા તેમજ હિમાલયની અન્ય નદીઓનાં તળ ૧૫ થી ૩૦ સે.મી. પ્રતિ વર્ષ ઊંચાં આવી રહ્યાં છે. આ સ્થિતિ બદલવા મોટા પાયે વૃક્ષો અને ઘાસ ઉગાડવાની જરૂર છે.




## ■ ફ્લડ અટકાવવા ડેમ કે જંગલ ?

કોઈને પણ એમ સૂઝે કે રેલ અટકાવવા શા માટે ડેમ ન બાંધીએ ? ચોમાસામાં ડેમ ભરી લેવાના, પછી ધીરે ધીરે પાણી છોડતા રહેવાનું ! પરંતુ એક બીજા વિકલ્પનો વિચાર કરવા જેવો છે. દેહરાદૂનની ફોરેસ્ટ રિસર્ચ સંસ્થા (FRI) ગણતરી માંડે છે :

○ જમીનના આશરે ૨૦% વિસ્તારમાં જંગલ છે.

○ આ વિસ્તારમાંથી દેશનું ૪૦ ટકા પાણી ઉપલબ્ધ થાય છે.

○ દેશની ૩૨૮ મિલિયન હેક્ટર જમીનની માટીની કુલ ભેજ સંગ્રહ શક્તિ ૨૨૪ મિલિયન હેક્ટર મીટર અથવા ૦.૬૮ મિલિયન હેક્ટર મીટર થાય.

○ ભારતની ૭૦ મિલિયન હેક્ટર જંગલની જમીન આશરે ૫૦ મિલિયન હેક્ટર મીટર પાણીનો સંગ્રહ કરી શકે.

○ આશરે ૫૦ ટકા પાણી જમીનની ઉપરના સ્તરમાં રહી શકે.

ફોરેસ્ટર રિસર્ચ સંસ્થા માને છે કે આવી રીતે સંગ્રહાતું પાણી ચોમાસામાં ફ્લડને અટકાવે છે અને પછીની સિઝનમાં તે પાણી ધીરે ધીરે મુક્ત કરે છે અને દુષ્કાળને રોકી શકે છે.

આ પ્રમાણે જે જથ્થામાં પાણી રોકાય છે તેટલા જથ્થામાં પાણીને સ્ટોર કરવા જો ડેમ બાંધવામાં આવે તો રૂ. ૨૫૦૦૦ કરોડ (વર્ષ ૧૯૯૧ આસપાસ) જોઈએ. આમ (FRI) સંસ્થાનું કહેવું છે. પરંતુ ભારતે પર્યાવરણ-લક્ષી ઉકેલો લાવવાના સ્થાને એન્જિનિયરીંગ લક્ષી ઉકેલોને અમલમાં લાવવાનું વલણ દાખવ્યું છે. આના કારણે પર્યાવરણવાદી વિચારકો અને ઈજનેરી રીતે ઉકેલ લાવવાવાળા મિત્રો વચ્ચે હંમેશા એક વૈચારિક મતભેદ રહ્યો છે.

## ■ રેલ Flood આવવાનાં વિવિધ કારણો

IIT કાનપુરનાં નંદિતા જે.એસ. ભારતની મહત્ત્વની ૭ નદીઓ- ૦ ગંગા ૦ બ્રહ્મપુત્રા ૦ ગોદાવરી ૦ ક્રિશ્ના ૦ નર્મદા ૦ મહાનદી ૦ અને કાવેરી-નો અભ્યાસ કરતાં જણાવે છે કે, એક સામાન્ય ચિત્ર ઊપસી આવે છે તે જોતાં આ નદીઓમાં રેલ આવવાનાં મહત્ત્વનાં ત્રણ કારણો દર્શાવી શકાય.

○ Low Pressure સિસ્ટમ સર્જાતાં મોટા પાયા પર દરિયા ઉપરનાં વાદળો નદીના સ્રાવ વિસ્તારમાં આવી જાય છે. ○ ભારે માત્રામાં વરસાદ પડે છે. ○ વરસાદી વિસ્તારમાં આગળ ઉપર પડી ગયેલા વરસાદના કારણે માટી પાણીપચી (ભારે માત્રામાં Soil Moisture) સ્થિતિમાં હોય છે.

આમ વરસાદી સિઝનના પાછળના ભાગમાં મોટા ભાગે રેલ આવે છે, જ્યારે જમીન વધુ પાણી પોતાનામાં સમાવી શકે તેમ નથી હોતી. વર્ષ ૨૦૨૫માં સપ્ટેમ્બર ઑક્ટોબરમાં નોર્થ વેસ્ટ અને પૂર્વમાં રેલ આવી. નંદિતાબેનનું કહેવું છે, ગ્લોબલ વૉર્મિંગના કારણે ઉષ્ણતામાનમાં થતો વધારો વરસાદી દિવસોમાં વધારો કરશે અને રેલ આવવાની ઘટનામાં વધારો થતો રહેશે.

## ■માણસ દ્વારા સર્જેલી રચના પણ રેલ માટે જવાબદાર

નદીના કુદરતી વહેણના માર્ગમાં માનવરચનાઓ મોટાપાયે અવરોધરૂપ બને તેનું જીવંત ઉદાહરણ વર્ષ




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

૨૦૨૫માં નોર્થવેસ્ટ વિસ્તારમાં જોવા મળ્યું. આડેધડ શહેરીકરણ, નદીના વહેવાની જગ્યાઓમાં પુરાણ કરીને મકાનો બાંધવાં, વરસાદી પાણીના નિકાલ માટેના રસ્તાઓ સાંકડા કરવા અથવા રોકી નાંખવા, Wetland - જળપ્લાવિત વિસ્તાર પર બાંધકામ કરી નાંખવું - આવાં બધાં કારણોસર રેલ આવવાની ઘટનાઓ વધી રહી છે.

**■ વર્ષ ૨૦૨૫નું ચોમાસું સમગ્ર ભારતમાં ભારે વરસાદવાળું રહ્યું**

ગત વર્ષ વિવિધ વિસ્તારોમાં વરસાદ તોફાની રહ્યો. ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કશ્મિર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન વગેરે રાજ્યોમાં આશરે ૨૭ ટકા વરસાદ વધારે પડ્યો અને તે પણ ઑગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં. Low-Pressure Systems કામ કરી ગઈ. આ સિઝનમાં :

- ભારે વરસાદની ૨૧૦૯ જેટલી ઘટનાઓ સર્જાઈ.
- ૧૧૫.૬ થી ૨૦૪.૪ મીમી. વરસાદ પ્રતિ દિવસ પડ્યો.
- ભારે વરસાદની ૩૦૩ જેટલી ઘટના સર્જાઈ, જેમાં વરસાદ ૨૦૪.૪ મીમી. પ્રતિ દિવસ કરતાં વધુ ખાબક્યો હતો.
- નોર્થ વેસ્ટના હિમાલયનાં રાજ્યોમાં - હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ - જમ્મુ કાશ્મિર તેમજ લડાખના કેટલાક ભાગોમાં ભારે નુકસાન સર્જનારી રેલ આવી.
- ૧૫ વર્ષમાં ન પડ્યો હોય તેવો ભારે વરસાદ પડ્યો.
- અનેક સ્થળોએ ધરતી ધસી પડી (Land Slide)
- સમગ્ર હિમાલય પર્વતમાળામાં આશરે ૭૬૫ જેટલી ભારે વરસાદની ઘટનાઓ બની.
- વાદળ ફાટવાની ઘટનાઓ બની.
- છેલ્લા દશકામાં જે આફતો (ડિઝાસ્ટર) સર્જાઈ તેમાં હિમાલય વિસ્તારમાં બનેલી ઘટનાનો આંક ૪૦ ટકા છે.
- અન્ય વિસ્તારો કરતાં આ વિસ્તારમાં તાપમાનમાં થયેલો વધારો બમણો (ડબલ) છે. હવામાં આના કારણે ભેજનું પ્રમાણ વધારે હોય છે.
- છેલ્લાં ૨૫ વર્ષમાં પશ્ચિમી હિમાલયમાં જુલાઈ-ઑગસ્ટમાં ભારે વરસાદની ઘટનામાં આઠ ગણો વધારો થયો છે.

**■ હિમાલયન સૂનામી : ઉત્તરાખંડ વર્ષ ૨૦૧૩**

વર્ષ ૨૦૧૩માં ઉત્તરાખંડમાં તોફાની વરસાદે જુલાઈ ૧૪ અને ૧૭ના ગાળામાં ૫૭૦૦ લોકોને મૉતને ઘાટ ઉતાર્યા હતા. આ સમગ્ર ઘટના પાછળના વિજ્ઞાનને સમજવા માટે હવામાં સર્જાતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને, Arctics માંના પીગળતા બરફને, વધતા તાપમાનને સમજવાં પડે. આ વિસ્તાર પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ - WDs (Western Disturbances)ની અસર વધતી રહી છે. વર્ષ ૨૦૨૫માં WDs ની ૧૪ ઘટનાઓ બની હતી, જેને કારણે રેલ આવવાની ઘટનાઓ સર્જાઈ હતી.

**■ ગ્લેસિઅર્સ અને ફ્લડ - હિમકૃત રેલ**

હિમાલયનો હિન્દુ કુશ વિસ્તાર ૩૫૦૦ કિલોમીટરમાં ફેલાયેલો છે. તે ૭ દેશોમાં - અફઘાનિસ્તાન, ભૂતાન, ચીન, ભારત, મ્યાનમાર, નેપાલ, પાકિસ્તાનમાં આવેલ છે. ૨ બિલિયન, ૨ અબજ લોકો તેનાં પાણી અને ઊગતાં અનાજ આધારિત જીવે છે. ઊર્જા (હાઈડ્રોપાવર) પણ પૂરી પાડે છે. પરંતુ હવે આ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ફ્લડ સર્જાઈ રહ્યાં છે. મોટા ભાગે ગ્લેસિઅરનાં તળાવો સર્જાય તેની નદી બને અને અચાનક પાણી ધસી આવે છે. વર્ષ ૨૦૦૦ની આસપાસ પાંચ-દશ વર્ષે એકાદ વખત ફ્લડ સર્જાતાં હતાં પરંતુ વર્ષ ૨૦૨૫માં મે-જૂનના ગાળામાં ૩ ફ્લડ નેપાળ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં આવ્યાં હતાં. સંશોધકોનું કહેવું છે કે ૨૧મી સદીના અંત સુધીમાં ફ્લડ આવવાની સંખ્યામાં ત્રણ ગણો વધારો થઈ જશે. ગ્લેસિઅરથી સર્જાતા ફ્લડને ઉષ્ણતામાનના વધવા સાથે સંબંધ છે.

**■ The climate signal, Behind rising Floods**

વધતા તાપમાન અને ફ્લડ-રેલના સંબંધ અંગે આપણે કેટલીક હકીકતો જોઈ. ઉષ્ણતામાનમાં જ્યારે એક ડિગ્રી સેન્ટીગ્રેડનો વધારો થાય છે ત્યારે વાતાવરણના ભેજમાં ૭ ટકાનો વધારો થાય છે.

"When the moisture condeneses it release grater Energy, fuelling intense cloudbursts and prolonged rainfall spells."

હિમાલય વિસ્તારનો અભ્યાસ કરતાં નજરમાં આવ્યું કે વર્ષ ૨૦૨૩માં હિમાચલ પ્રદેશના કુલુ-મનાલીમાં એક જ દિવસમાં વરસાદની માત્રા ૧૨૦૦ મિ.મી. કરતાં વધારે હતી. વિસ્તારના છેલ્લાં ૧૦૦ વર્ષના ઇતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. તે હવે દશકામાં જોવા મળે છે. માનવ હસ્તક્ષેપથી ઉષ્ણતામાનમાં વધારો સર્જાયો છે. હિમાલયમાં રસ્તાઓ પહોળા કરવા, નદીકિનારે ખાણકામમાં વધારો, પહાડો પરની હરિયાળી દૂર કરવી, પર્વતનો ઢાળ એકદમ ઓછો કરવો. અથવા વર્ટીકલ કાપ મૂકવો - આ બધાની અસર વર્ષ ૨૦૨૩ના ફ્લડ્સમાં દેખાઈ. કેટલા વરસાદે રેલનાં પાણી ક્યાં કેટલાં પહોંચશે તે માટે અત્યાર સુધીની ગણતરીની પદ્ધતિઓ હવે કામ નહી આવે. ધમાકેદાર, ટૂંકા ગાળામાં પડતો વરસાદ આપણી ગણતરીઓ ખોટી પાડે છે. માનવ હસ્તક્ષેપ વધતાં પાણીનાં વહેણ રોકાઈને ફેલાઈ જાય છે.

**■ રેલ પછી રાહત, પણ અગાઉ ડિઝાસ્ટર પ્લાનિંગનો વિચાર જ નહીં!**

રેલ પછી રાહત કામ કરવાં જ જોઈએ પંરતુ છેલ્લાં વર્ષોમાં જે રીતે ફ્લડ્સ આવ્યાં તેણે આપણને ઘણું શીખવેલું છે. તેનો આધાર લઈને ડિઝાસ્ટર પ્લાનિંગ કરવું જોઈએ. કમસે કમ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાં, નદીનાળાંને મુક્ત રીતે વહેવાની જગ્યા આપવી, કચરો Silt દૂર કરવાં. સમગ્ર રીવર બેઝીન મેનેજમેન્ટનો વિચાર કરવો જોઈએ. વોર્નિંગ સિસ્ટમને કાર્યરત કરવી.

ટેક્નોલોજી આધારિત ઉકેલોની દિશા કરતાં કુદરત આધારિત ઉકેલોની દિશામાં કામ કરવું શાણપણભર્યું છે. લેખની શરૂઆતમાં જ આપણે વૃક્ષો-ઘાસ ઉગાડીને ફ્લડને રોકવાં કે ખર્ચાળ મોટા મોટા ડેમ બાંધીને રેલને રોકવી, તેનો વિચાર કર્યો છે. સમાજે, સરકારે, નિષ્ણાતોએ આ દિશામાં વિચારવું જોઈએ.

**- રજની દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અણુ ઊર્જા : શ્રાપ કે આશીર્વાદ ?

**તા.** ૪ મેના રોજ શ્રી મહેશભાઈ પંડ્યા – (પર્યાવરણ મિત્ર) તરફથી ન્યુક્લિયર પાવરના પ્રશ્નો અંગે બોલવા માટે નિમંત્રણ મળ્યું. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ ચેર્નોબિલ ન્યુ. પાવર પ્લાન્ટ અકસ્માતને ૪૦ વર્ષ પૂરાં થયાં છે. ખબર નથી કેમ મોટા મોટા અકસ્માતો પછી પણ ભારત સરકાર ન્યુ.પાવર પાછળની દોડ છોડતું નથી.

ભારત સરકાર Nu. Power માં ૧૦૦ ગીગાવોટ (GW)ની છલાંગ મારવા તૈયાર થઈ રહી છે. ભારતના ઊર્જાક્ષેત્રમાં હાલ ન્યુ.પાવરની ભાગીદારી ૩-૪ ટકા કરતાં પણ ઓછી છે તેને સ્થાને ૨૦ ટકાની ભાગીદારી કરવાનું સૂચન Infosys ના Co-Founder Kris Gopalkrishnan કરી રહ્યા છે. એવું મનાય છે કે AI માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૮ થી ૧૦ GW પાવરની ભારતમાં જરૂર પડવાની છે. ૩ માર્ચ ૨૦૨૬ના ગુજરાત ટુડેના સમાચાર પ્રમાણે કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ યુરેનિયમ પુરવઠો પૂરો પાડવા માટે ભારત સાથે કરાર કર્યા છે. ૧૮ એપ્રિલ ૨૦૨૬ના બિઝનેસ સ્ટાન્ડર્ડના સમાચાર પ્રમાણે –

Atomic Energy Commission Clears FDI policy for nuclear power sector. સરકાર તરફથી કહેવામાં આવે છે –

આપણે ગણતરી માંડીએ કે અણુઊર્જા મથક સ્થાપવા માટે પ્રતિ મેગાવોટ રૂ. ૨૨ કરોડની જરૂર પડે છે. જો આપણને ૧૦૦ GW નું સ્વપ્ન ૨૦૪૭ સુધીમાં સાકાર કરવા માંગીએ તો આપણે રૂ. ૨૦ લાખ કરોડની જરૂર પડવાની છે. ૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ તામિલનાડુમાં આવેલા અણુમથકમાં એક પ્રયોગ સફળતા તરફ આગળ વધી રહ્યો છે. આનાથી થોરિયમ આધારિત પાવર પ્લાન્ટ સ્થાપી શકાશે. દેશમાં થોરિયમ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. મતલબ કે અણુ બળતણની દિશામાં દેશ સ્વાવલંબી બની શકશે. આપણા નાણાંમંત્રી નિર્મલા સીતારમને સ્મોલ મોડ્યુલર રીએક્ટર – SMRs ની ટેકનોલોજીના વિકાસ માટે બજેટમાં રૂ. ૨૦૦૦૦ કરોડ ફાળવ્યા છે. તેમાંથી ૨૦૦/૫૫ અને ૫ મેગાવોટના પ્લાન્ટની ડિઝાઈન તૈયાર થશે.

એક બાજુ જ્યારે ગ્લોબલ વોર્મિંગની વાત કરીએ છીએ ત્યારે આપણી સામે એવી વાત મૂકવામાં આવે છે કે કોલસા કે ગેસ આધારિત પાવર પ્લાન્ટ જે માત્રામાં ગ્રીન હાઉસ ગેસીસ વાતાવરણમાં છોડે છે તેમાંથી અણુઊર્જા મુક્તિ અપાવે છે. કહેવાય છે કે ઑક્ટોબર ૧૯૬૯થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં અણુઊર્જાના કારણે ૮૩૭૦ લાખ ટન ગ્રીન હાઉસ ગેસ છોડવામાંથી મુક્તિ મળી છે. (Business Line - 10 April 2026) આપણે આ સત્યને નકારતા નથી. પરંતુ ન્યુ. પ્લાન્ટ્સના પ્રશ્નોને સમજવાની તૈયારી રાખવી જરૂરી છે.

'ફોરમ ફોર ફાસ્ટ જસ્ટિસ'ના પ્રવીણભાઈ પટેલે તેમના સાથી RTI કાર્યકર્તા શ્રી શિવાનંદ દ્વિવેદી સાથે રહીને તા. ૧૦ મે ૨૦૨૬ના રોજ વેબિનાર ગોઠવ્યો હતો. તેમાં પાંચ-છ વક્તાઓએ હિંદી/અંગ્રેજીમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. તેમાં શ્રી મહેશ પંડ્યા, શ્રી ઉદયકુમાર જેઓ કુડનકુલમ ન્યુ. પાવર પ્લાન્ટ સામે 'એન્ટી ન્યુક્લિયર મુવમેન્ટ' ચલાવે છે, શ્રી વીરેન્દ્ર ઠક્કર, રજની દવે, શ્રી શિવાનંદજી તેમજ અન્ય મિત્રોએ પોતાનાં મંતવ્ય રજૂ કર્યાં હતાં. વિષય હતો : From Power to Peril : Understanding Nuclear Risks – ''પરમાણુ ઊર્જા શક્તિ સે ખતરે તક : પરમાણુ જોખિમોં કો સમઝના.''

સરકારે અણુઊર્જામાં હરણફાળ કૂદકો મારવા માટે ખાનગી કંપનીઓ પણ અણુમથક સ્થાપી શકે, ચલાવી શકે તે માટેની વ્યવસ્થા માન્ય કરી છે. શ્રી શિવાનંદજીએ તેમના વક્તવ્યમાં મધ્યપ્રદેશમાં આવનારા અણુમથક વિષે વાત કરી.

■ **TATA Energy Reva Plant -** દેશનો આ પ્રથમ ખાનગી અણુપાવર પ્લાન્ટ થશે. ટાટા કંપની રૂ. ૨૮૦૦૦ કરોડનું રોકાણ કરશે. શરૂઆત ૨૦૦ મેગાવોટથી કરી ૨૪૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરશે. રેવા જિલ્લાના સિરમોલ તાલુકામાં રોઝૌની ગામ નજીક આશરે ૧૬૯ હેક્ટર જમીનમાં પ્લાન્ટ સ્થપાશે. એવો દાવો કરવામાં આવે છે કે, આ પ્લાન્ટ સ્થપાવાથી ૫૦૦૦થી વધુ પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

સ્થાનિક લોકો સમજે છે કે આમાં તેઓને માત્ર થોડાં વરસો બાંધકામ દરમ્યાન રોજગારી મળશે. રેવા-રીવા વિસ્તાર ઉજ્જડ વિસ્તાર નથી, શહેર છે. સ્થળ પસંદગી માટે લોકો નારાજ છે. વળી પાવરપ્લાન્ટને મોટા પાયે વધુ માત્રામાં પાણી જોઈએ તે આ વિસ્તારમાં ઉપલબ્ધ નથી. કહેવાય છે કે સાગર બાંધમાંથી પાણી લાવી અલગ બાંધ બાંધશે તેમજ તમસ નદીમાંથી પમ્પ દ્વારા પાણી ઉપાડવામાં આવશે. હજુ લોકઆંદોલન મોટાપાયે ચાલતું નથી. જમીન સંપાદનનું કામ ચાલુ થયું નથી.

■ **ડૉ. એસ.પી. ઉદયકુમાર –** તેઓ People's Movement Against Nuclear - (PMANE) સંગઠનનું નેતૃત્વ કરી રહ્યા છે. મૂળમાં તેઓ શાંતિવાદી – અભ્યાસુ વ્યક્તિ છે. તેમના પર ખોટા કેસ કરીને હેરાન


ઉદયકુમાર


મહેશ પંડ્યા


શિવાનંદ


પ્રવીણ પટેલ


વીરેન્દ્ર ઠક્કર


રજની દવે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમના પર ૬૫ જેટલી એફઆઈઆર કરવામાં આવી હતી. મૂળમાં સરકાર સામે અણુ આંદોલન ચલાવવાનું સરકારને માન્ય ન હતું. કુડનકુલમ વિસ્તારમાં મોટા પાયે રાજદ્રોહના કેસ કરવામાં આવ્યા હતા. તેમણે ચેર્નોબિલ તેમજ અન્ય અકસ્માતોની વાત કરી હતી. ભારતમાં અકસ્માતને પહોંચી વળવા માટે સક્ષમ તંત્ર પણ દેખાતું નથી. ભોપાલનો Toxic Waste ૪૦ વર્ષ સુધી પડી રહ્યો. સાચી વાત બોલનારને અરબન નક્સલ તરીકે ખોટા ચીતરવામાં આવે છે. જર્મનીમાં ભારત કરતાં ઓછા દિવસ સનલાઈટ પ્રાપ્ત થાય છે છતાં તેણે ન્યુ.પાવરનો મોહ છોડ્યો છે અને સૂર્ય ઊર્જાનો ઉપયોગ કરવા માંડ્યો છે.

■ **મહેશભાઈ પંડ્યા –** તેમણે જણાવ્યું કે આમ જોવા જઈએ તો ન્યુ.પાવર એ પોલિટીકલ પાવર છે. સરકાર સ્લોગન રચવામાં અને યોજનાઓનાં નામ આપવામાં વિશેષ સ્માર્ટ છે. પણ વાસ્તવમાં કામ તે દિશાનું થતું નથી. એક બાજુ કહેવામાં આવે છે, 'એક વૃક્ષ મા કે નામ' તે જ વખતે આંદામાનમાં હજારો વૃક્ષો કાપવાનું આયોજન થાય છે. નામ રાખે છે 'શાંતિબિલ' ! પણ કેવી શાંતિ ? સરકાર અકસ્માત વખતે અણુઊર્જા બનાવનારને જવાબદાર ગણતી નથી. તેમજ થયેલું સમગ્ર નુકસાન મર્યાદિત જ ભરપાઈ કરવાનું હોય છે, આમાં કઈ 'શાંતિ' આવી ? સરકાર પારદર્શક રહેવા માંગતી નથી. ઘણી બધી માહિતી આરટીઆઈ એક્ટની બહાર ગણવામાં આવે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ અણુઊર્જાના સમર્થક નથી. વેબિનારમાં આરટીઆઈ વિશેષજ્ઞ વીરેન્દ્રકુમાર ઠક્કરે ટેબ્યુલેશન પાડીને શાંતિ બિલ અંગે લંબાણપૂર્વક વાત કરી હતી.

■ **રજની દવે –** ભારતમાં કુલ ૫ લાખ, ૨૦ હજાર ૫૧૧ મેગાવોટ વીજળી પેદા કરવાની ક્ષમતા છે. દેશમાં અણુવીજ પેદા કરવા માટે હાલમાં ૨૫ અણુ રીએક્ટર કાર્યરત છે જેમાં ૮૭૦૦ મે.વોટ પાવર પેદા થાય છે. તથા અન્ય ૧૧ રીએક્ટરો ચાલુ કરવાની દિશામાં કામ ચાલે છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં સરકાર ૧૦૦ ગીગાવોટ અણુઊર્જા પેદા કરવાનું આયોજન કરી રહી છે. હાલમાં અણુઊર્જાનો ફાળો ૩ ટકાની આસપાસ છે. દેશમાં નોન ફોસીલ પાવરની માત્રા ૫૨ ટકા છે, જ્યારે ફોસીલ પાવરની માત્રા ૪૭.૭ ટકા છે. ગાંધીજી સાથે બાળપણ વિતાવનાર શ્રી નારાયણ દેસાઈ કહેતા હતા, અણુઊર્જા અને અણુબોમ્બ જોડિયા ભાઈઓ છે. અણુમથકના રેડિઓ-એક્ટિવ કચરામાંથી બોમ્બ બનાવી શકાય છે. અણુઊર્જા માટે યુરેનિયમ માઈનિંગ વખતે પણ ખૂબ પ્રદૂષણ ફેલાય છે.

જાપાનનાં ૨ શહેરોમાં અણુબોમ્બ નાખ્યા બાદ તેની શક્તિનો ખ્યાલ આવતાં અણુમથકો બન્યાં. હવે અણુમથકોમાંથી અણુબોમ્બ બની રહ્યા છે. ઈરાન-ઇઝરાયેલ-અમેરિકાના યુદ્ધ માટે ઇરાક અણુબોમ્બ બનાવશે તે કારણને આગળ કરે છે. વર્ષ ૧૯૮૬માં વિશ્વમાં કુલ ૬૦,૦૦૦ ન્યુ.બોમ્બ હતા. આજે વિવિધ દેશો પાસે ૧૨૧૮૭ બોમ્બ છે. જેની પાસે છે તે ઇચ્છે છે કે બીજા દેશો અણુબોમ્બ ન ધરાવે. ઇરાનને આના માટે ઘેરવામાં આવે છે. વિશ્વમાં વર્ષ ૧૯૯૯ સુધીમાં અણુઊર્જાને લઈને ૪૦૦૦ જેટલી અકસ્માતની ઘટનાઓ સર્જાઈ હતી. ભારતમાં પણ નાના મોટા ૩૦૦ અકસ્માતો થયા છે.

○ ૧૯૭૯ અમેરિકામાં થ્રિમાઈલ આઇલેન્ડ અકસ્માત રિએક્ટર મેલ્ટ ડાઉન. ○ ૧૯૮૬ ચેર્નોબીલ રીએક્ટર ફાટ્યું. ○ ૧૯૫૭ રશિયા અણુકચરાની ટાંકી ફાટી. ○ ૨૦૧૧ ફુકુસીમા અકસ્માત-ધરતીકંપ+સુનામીની ઘટનાઓ બની હતી.

આમ, અણુવીજ મથકો સલામત નથી. અણુ રીએક્ટરોની આસપાસ રહેનારા લોકો અંગેનો એક સર્વે કહે છે – વર્ષ ૨૦૦૦થી ૨૦૨૪ના ગાળામાં અમેરિકાના અને અમેરિકાની હદ પાસેના કેનેડાનાં અણુમથકો આસપાસના ૧૦ માઈલની ત્રિજ્યાના ઘેરાવામાં કુલ ૧ લાખ ૧૫ હજાર કેસ કેન્સરના મૃત્યુના બન્યા હતા. પ્રતિવર્ષ ૬૦૦૦ મૃત્યુ થયાં ગણાય. અમેરિકા અણુ બળતણના કચરાનો કોઈ સલામત રીતે નિકાલ કરી શકતું નથી. તેને સતત ઠંડા પાણીમાં રાખવો પડે છે. આવા સ્પેન્ટ ફ્યુઅલ રોડનો ખૂબ જ મોટો જથ્થો જાળવી રાખવો પડે છે. તેને જો કોઈ ચોરી જાય તો તેમાંથી બોમ્બ બની શકે છે.


આમ, આ ઊર્જા ઘોડિયાથી સ્મશાન સુધીના બધા જ તબક્કે – From cradle to Grave – સલામત નથી જ નથી. સ્વચ્છ પણ નથી અને સસ્તી પણ નથી. આપણે ખોટી દિશામાં આગળ વધી રહ્યા છીએ.

**– રજની દવે**

## વાંચન થાળ

■ **કોલેજ ઓફ એજ્યુકેશન – ખરોડ,** મુ.પો.ખરોડ, તા. અંકલેશ્વર જિ.ભરૂચ, પીન ૩૯૪૧૧૫. મો.: ૭૨૮૪૯૮૩૭૬૯

○ 'ઉત્કર્ષ' : ત્રણ વિશેષાંક




૦ વર્ષ ૨૦૨૧-૨૨ હરિવરનો હાથ
૦ વર્ષ ૨૦૨૨-૨૩ શિક્ષણ : 'શીક્ષણ?'
૦ વર્ષ ૨૦૨૪-૨૫ 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને શિક્ષણ'

પ્રથમ બે વિશેષાંકના સંપાદક છે ડૉ. ઇન્તેખાબ આલમ કે. અનસારી સાહેબ અને ત્રીજાના સંપાદક છે શ્રી ડૉ. અનિરુદ્ધસિંહ વાય રાઉલજી.

આ શિક્ષણ સંસ્થાની સ્થાપના ૧૯૯૧માં શિક્ષક દિને થઈ. સંસ્થાએ ૩૪ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાં છે. 'ઉત્કર્ષ' કૉલેજનું મુખપત્ર છે. સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી અહેમદભાઈ પટેલ હતા.

ત્રણે વિશેષાંકો સરસ મજાના જ્ઞાનવર્ધક છે. 'હરિવરનો હાથ' ઈશ્વર પ્રત્યે ચિંતન કરવા પ્રેરે છે. છેલ્લા વિશેષાંકમાં ભાષાવિકાસ અને કૃત્રિમ બુદ્ધિ (એઆઈ)ની સંભાવનાઓ અને શક્યતાઓ તેમજ એઆઈ અને શિક્ષણ જગત અંગેના લેખો સમાવેલા છે. સંસ્થાના જ્ઞાનયજ્ઞમાં સૌ કોઈ હિંદુ મુસ્લિમ વ્યક્તિઓ સહભાગી થાય છે. સંસ્થા દર વર્ષે આવા સુંદર વાર્ષિક અંકો પ્રકાશિત કરતી રહે તેવી શુભેચ્છા પાઠવીએ.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નિખિલભાઈ : એક સેવાભાવી ડૉક્ટર




ભારતના ગ્રામીણ વિસ્તારના ૩૬ લાખ પશુપાલકોના આર્થિક અને સામાજિક જીવનની કાયાપલટ કરનાર 'ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ' - 'અમૂલ' અને ૧ લાખ કરોડ રૂપિયાના ટર્નઓવર (૨૦૨૫/ ૨૬)ને આંબી જનાર 'ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન'ના નામ અને કામથી આપણે વાકેફ છીએ. ભારતમાં શ્વેતક્રાંતિના પિતા સ્વાતંત્ર્યસેનાની ત્રિભુવનદાસ પટેલ (૧૯૦૩-૧૯૯૪)ને અમૂલના સ્થાપક (૧૯૪૬), રેમન મેગ્સેસે પુરસ્કાર (૧૯૬૩) અને પદ્મભૂષણ (૧૯૬૪)થી સન્માનિત વિભૂતિ તરીકે ઓળખીએ છીએ પણ અવિભાજિત ખેડા જિલ્લાનાં ૧૦૬૦ ગામોમાં નવજાત શિશુ, બાળકો અને સગર્ભા માતાઓના સર્વાંગી આરોગ્ય સાર-સંભાળ માટે ત્રિભુવનદાસભાઈના પ્રેરણા સ્વરૂપ ૧૯૭૫માં રજિસ્ટર્ડ અને ૧૯૮૦થી કાર્યરત 'ત્રિભુવનદાસ ફાઉન્ડેશન'એ જે ક્રાંતિકારી પરિણામો હાંસલ કર્યાં છે તેનાથી વાચકો અવગત નથી.

ખેડા જિલ્લાની દૂધ સહકારી મંડળીઓના સહયોગથી ૧૭ લાખની જનસંખ્યાને સર્વાંગી આરોગ્યની સુવિધા પૂરી પાડતો એશિયા ખંડનો આ સૌથી મોટો વ્યાપક કાર્યક્રમ છે. ફાઉન્ડેશન દ્વારા સંચાલિત દવાખાનાં, ક્લિનિક અને પ્રસૂતિગૃહમાં દર વર્ષે ૧.૬૦ લાખ દર્દીઓ રાહતભાવે લાભ મેળવે છે. આ સંસ્થા ગુજરાતમાં એક આંદોલન બની શકી તેના મૂળમાં છે, આ સંસ્થાના પ્રારંભે મેડિકલ ઑફિસર, માનદ્ સંચાલક, સી.ઈ.ઓ. અને ટ્રસ્ટી તરીકે જૂન ૨૦૨૩ સુધી નિષ્કામભાવે સમર્પિત ડૉ. નિખિલ ખારોડ. આ લેખમાં તેમની સંવેદનશીલ જીવનકથા 'પોતાની વાત' (બિજલ પ્રકાશન વડોદરા)ના આધારે, કર્મયોગી, કવિ અને તબીબ નિખિલભાઈના યોગદાન અને ફાઉન્ડેશનના જનઆરોગ્યની કથા પ્રસ્તુત કરી છે.

**નિખિલભાઈ : સંવેદનાનું સર્જન** : મુંબઈની કે.ઈ.એમ. હૉસ્પિટલમાં એમ.બી.બી.એસ.ના ઈન્ટર્નશીપ દરમિયાન નિખિલભાઈએ ત્રણ માસ મુંબઈમાં માલવણી ઝૂંપડપટ્ટી અને કોંકણપટ્ટીમાં આવેલ માનગાંવની હૉસ્પિટલમાં અભ્યાસ કરવાની તક ઝડપી લીધી. વંચિત વર્ગના આરોગ્ય માટે કામ કરવાની ઝંખનાનાં બીજ મનમાં આરોપિત થયાં. એમ.ડી.ની પદવી મેળવવા તેઓ રેસિડેન્સી અનુસ્નાતક અભ્યાસક્રમમાં જોડાયા. તેમની મહત્ત્વાકાંક્ષા હતી પિડિયાટ્રીક્સ - બાળરોગમાં નિષ્ણાત થવાની.

હૉસ્પિટલના જનરલ વોર્ડમાં ૧૦૦થી વધુ માંદાં, કુપોષિત બાળકો હોય. તેમાં મુખ્યત્વે મગજના




ટી.બી.થી પીડાતાં બાળકોને સતત ૯૦ દિવસ ઇન્જેક્શન આપવાનાં. નિષ્ઠુર વાતાવરણથી તેઓ ત્રાસી ગયા. રેસિડેન્સી છોડી દીધી. સાહિત્યનાં પુસ્તકો વાંચવા લાગ્યા. શાસ્ત્રીય સંગીતના અભ્યાસમાં લીન થઈ ગયા. વાડિયા હૉસ્પિટલમાં રેસિડેન્સી તબીબ તરીકે જોડાયા. માંદાં બાળકોને ચીવટપૂર્વક તપાસતી વખતે તેમને પ્રતીતિ થઈ કે અપૂરતા પોષણવાળાં બાળકોને વિટામીનની ગોળીઓ ક્યાં સુધી ખવડાવવાની.

તેમણે બે પુસ્તકો વાંચ્યાં : ૧. 'પિડિયાટ્રીક પ્રાયોરિટીઝ ઈન ડેવલપિંગ કન્ટ્રીઝ' અને ૨. 'વ્હેર ધેર ઈઝ નો ડૉક્ટર'. આ સ્વાધ્યાય પછી તેમને ખ્યાલ આવ્યો કે આરોગ્ય સુધારવા માટે માત્ર તબીબોની સેવાઓ પર્યાપ્ત નથી. સહાયક કાર્યકરોની ભૂમિકા એટલી જ મહત્ત્વની છે. એક સ્ટાફ નર્સ નવજાત શિશુની સંભાળ માટે જે આવડત અને ચોક્સાઈથી કામ કરતી હતી તે નિખિલભાઈને સ્પર્શી ગયું. ત્યાં વળી તેમને રિચાર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી' અને શ્યામ બેનેગલની ફિલ્મ 'મંથન' નિહાળવાની તક મળી. તેઓ થોડો સમય અમેરિકા જઈ આવ્યા.

**ત્રિભુવન ફાઉન્ડેશનમાં સેવાર્થી : કાર્યક્રમોની વણઝાર** : નિખિલભાઈ તા. ૧૩-૪-૧૯૮૪ના રોજ ત્રિભુવન ફાઉન્ડેશન આણંદમાં મેડિકલ ઑફિસર તરીકે જોડાયા. નિખિલભાઈએ સામાન્ય લોકોની સાથે આત્મીયતા કેળવવા ઝભ્ભો અને પેન્ટ ધારણ કર્યાં. કુપોષિત બાળકોની તપાસ અને સારવારની કામગીરી શરૂ થઈ. તેમને નિરીક્ષણ કરતા ખ્યાલ આવ્યો કે બાળમરણ અને અપૂરતા પોષણનાં કારણો છે :

૧. સ્તનપાન અને ઉચિત પૂરક આહારનો અભાવ. ૨. બે બાળકો વચ્ચે ઓછું અંતર. ૩. સગર્ભાવસ્થામાં માતાને પ્રાપ્ત અપૂરતું પોષણ. ૪. બાળકોને અપાતો બજારુ ખોરાક.

ભારત સરકારે કુપોષણ અને બાળમરણની સમસ્યાના સમાધાન માટે ૬ વર્ષથી નીચેનાં બાળકો, સગર્ભા-સ્તનપાન કરાવતી માતાઓ માટે સંકલિત બાલવિકાસ યોજનાનો ૧૯૭૫થી કેટલાક વિસ્તારોમાં શુભારંભ કર્યો હતો. ખેડા જિલ્લામાં તેનો અમલ થયો નહોતો. તેથી સંસ્થાએ જનઆરોગ્ય માટે જાગૃતિ વિસ્તારવા ૮૨૦ ગ્રામ્ય સ્વાસ્થ્ય સહાયક બહેનોને તાલીમ આપવાનું નક્કી કર્યું.

નિખિલભાઈ અહમદનગર પાસે જામખેડમાં ડૉ. રજનીકાંત અરોલેના નેતૃત્વ હેઠળ સંચાલિત સર્વાંગી આરોગ્ય પ્રકલ્પનો અભ્યાસ કરવા જઈ આવ્યા. અને ત્યાર પછી ઓછું ભણેલી કે નિરક્ષર ગ્રામસ્વાસ્થ્ય સહાયિકા બહેનોની તાલીમ શરૂ થઈ, જેના વિષયો હતા:

૧. ઋતુ પ્રમાણેના સામાન્ય રોગો અને તેની પ્રાથમિક સારવાર. ૨. ઝાડાની બીમારીમાં બાટલા ચડાવવાને બદલે મોં વડે પ્રવાહી આપવાની સસ્તી સારવાર. ૩. સ્તનપાનની સાથે ઉચિત પૂરક આહારના ફાયદા. ૪. ઓરીના રોગમાં રસીકરણ, વગેરે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

નિખિલભાઈ લિવરપુલ સ્કૂલ ઓફ ટ્રોપિકલ મેડિસિનમાં અભ્યાસ કરવા ૩ માસ ઇંગ્લેન્ડ જઈ આવ્યા. તે સમયે ભારતમાં ૭૫% પ્રસૂતિ ઘરે દાયણોની હાજરીમાં થતી. તેઓ માતા માટે માનસિક આધારસ્તંભ બની રહેતી પણ તેઓ દાતરડું કે અસ્વચ્છ સાધનથી નાળ કાપતી, તેથી નવજાત શિશુ ધનુર જેવા જીવલેણ રોગનો ભોગ બનતાં. સંસ્થાએ સલામત, જંતુરહિત સુવાવડની કીટ બનાવીને તેના વિતરણનું ભગીરથ કામ શરૂ કર્યું. સુરેન્દ્રનગર જિલ્લામાં રણકાંઠા વિસ્તારમાં મીઠું પકવતા અગરિયા પરિવારના સભ્યોને થતા પાણીજન્ય રોગો માટે પ્રાથમિક સારવાની કીટ આપવામાં આવી. બાળકો માટે પોષક ખોરાક અને સગર્ભા માતાઓની સંભાળ માટે શિક્ષણ જેવા કાર્યક્રમો શરૂ થયા.

**આરોગ્ય અંગે સભાનતા :** આરોગ્યલક્ષી કાર્યક્રમોને સાર્થક બનાવવા અને બહેનોમાં પ્રજનન અને આરોગ્ય અંગે સભાનતા સર્જવા પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ થયા. આ દરમિયાન નિખિલભાઈને કરમસદની મેડિકલ કૉલેજમાં બાળરોગ વિભાગના અધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી. તેઓ નાગપુર પાસે ગઢચિરોલીમાં ડૉ. અભય અને ડૉ. રાણી બંગ દ્વારા માતા અને શિશુના આરોગ્ય અને સ્થાપિત સંસ્થા 'સર્ચ'નો અભ્યાસ કરવા જઈ આવ્યા. અહીં બિનપરંપરાગત અભિગમ દ્વારા નવજાત શિશુના મરણ પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આ સમયે યુનિસેફ દ્વારા આરોગ્ય કાર્યકરો માટે તાલીમનું અંગ્રેજી સાહિત્ય ગુજરાતીમાં અનુવાદિત કરવાની કામગીરી તેમણે સંપન્ન કરી. જિજ્ઞાસુ વૃત્તિના નિખિલભાઈએ ત્યાર પછી મહત્ત્વના બે કાર્યક્રમો અમલમાં મૂક્યા.

૧. નવજાત શિશુની આવશ્યક સંભાળ માટે અભિનવ કાર્યક્રમ.
૨. કિશોરાવસ્થામાં માનસિક આરોગ્ય.

આ સમય દરમિયાન બ્રિટિશ સહાય બંધ થઈ ગઈ હતી તેથી આ કાર્યક્રમના ક્રિયાન્વયન માટે તેમને સંઘર્ષ કરવો પડ્યો. નિખિલભાઈએ તેમના અંતિમ કાર્યકાળમાં ફાઉન્ડેશનના ટ્રસ્ટી તરીકે 'કાંગારુ માતા સંભાળ' પ્રોગ્રામના પ્રવેશ માટે પહેલ કરી. આ પ્રોજેક્ટનું મુખ્ય પાસું હતું માતા અને બાળકો વચ્ચે સતત શારીરિક સંપર્ક અને બાળકને માત્ર માતાના ધાવણ પર રાખવું.

**સમાપન :** નિખિલભાઈ જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય સાધીને ટીમવર્ક દ્વારા ફાઉન્ડેશનના સામુદાયિક આરોગ્ય કાર્યક્રમોને સફળ બનાવી શક્યા, શિશુ અને માતાના મૃત્યુદરમાં ૨૦% જેટલા ઘટાડાની સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા તેના મૂળમાં છે તેમની નિરંતર અધ્યયન અને નિરીક્ષણવૃત્તિ. નવું નવું શીખવાની જિજ્ઞાસા. લર્ન એન્ડ અનલર્ન. અને બીજું તેમનાં જીવનસંગિની મેડિકલ કૉલેજ કરમસદના એનેસ્થેસિયા વિભાગના અધ્યક્ષ, ડીન ડૉ. ઉત્પલાબહેનનો ઉષ્માસભર સહયોગ. તેમના ૪૦ વર્ષના યજ્ઞકાર્યનું તારણ છે કે મેડિકલ કૉલેજોને વધુ ને વધુ દર્દીઓ દવાખાનામાં આવે તેમાં જ વિશેષ રસ છે. કૉલેજમાં પ્રિવેન્ટિવ એન્ડ સોશ્યલ મેડિસિન વિભાગ છે પણ તેની ઘોર અવગણના થાય છે.

ભારતમાં ૨૧ કરોડ લોકો મધુપ્રમેહ અને ૩૧ કરોડ લોકો બ્લડપ્રેશર જેવી બીમારીના ભોગ બની રહ્યા છે પણ તેના મૂળમાં છે કિશોરાવસ્થામાં ઉચિત પોષણનો અભાવ. તેથી ખરેખર સમાજમાં પ્રાથમિક આરોગ્ય સંભાળ, મુખ્યત્વે નવજાત શિશુ અને સગર્ભા માતાની સારસંભાળ અંગે સામુદાયિક સભાનતા વિકસે તેવા કાર્યક્રમો વ્યાપક બનાવવાની અનિવાર્યતા છે.

ત્રિભુવન ફાઉન્ડેશનને માર્ચ ૨૦૨૩માં મહિલા વિકાસ માટે કામ કરતી શ્રેષ્ઠ સંસ્થા તરીકે પુરસ્કાર એનાયત થયો ત્યારે ડૉ. નિખિલભાઈને ગૌરવની લાગણી થઈ કે તેમણે અસંખ્ય સાથીદારોના અપ્રતિમ સહયોગ – ટીમવર્કથી જે કામ કર્યું છે તેનું આ પરિણામ છે. નિષ્કામ કર્મનો સંદેશ આપતી નિખિલભાઈની જીવનકથા આપ સૌ અવશ્ય વાંચશો તેવી શ્રદ્ધા છે. તેમનો સંપર્ક મો.: ૯૮૨૫૩૨૮૭૪૯.

**– પ્રવીણચંદ્ર ઠક્કર**

(ડી-૨૦૪, અભિષેક એન્ટિલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે, પુનિતનગર, ન્યુ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪. મો.: ૯૪૨૬૪૬૧૦૯૦)

# વાચકોના પત્રોમાંથી

પ્રિય રજનીભાઈ, બહેન સ્વાતિ અને પારુલ,

'ભૂમિપુત્ર'નો ૧૬-૫-૨૦૨૬નો અંક મળ્યો. યુદ્ધનો પણ ઉન્માદ હોય છે. એમાંથી ઘણાંને અહંતૃપ્તિ થતી હોય છે. ટેક્નોલોજીએ એમાં તેલ પૂર્યું છે. ચતુર રાજનેતાઓ પોતાનો હેતુ સાધવા યુદ્ધો કરતા હોય છે. ભલે પછી માણસોનું, સાધનોનું, પર્યાવરણનું અપાર નુકસાન થતું હોય! હવે તો લાગે છે કે વ્યાપાર માટે યુદ્ધ થાય છે!

ત્યારે 'ભૂમિપુત્રે' યુદ્ધ અને એનાં કારણો પરિણામો અને સ્વસ્થ દૃષ્ટિકોણ અંગેનો વિશેષાંક કર્યો તે સમુચિત છે. આ આખો અંક દૃષ્ટિપૂર્ણ સંપાદનનો પણ ઉત્તમ નમૂનો છે. તમે 'ભૂમિપુત્ર'ની ઉજ્જ્વળ પરંપરા જાળવી છે. અભિનંદન.

મનસુખ સલ્લા


•

આત્મીય રજનીભાઈ, ભૂમિપુત્રનો તારીખ ૧૬ મેનો અંક વિશ્વશાંતિના સંદર્ભમાં રેફરન્સ સાહિત્ય તરીકે ઉપયોગી છે. વિનોબાજી, ગાંધીજી, જવાહરલાલ, જે.પી., સ્વામી આનંદ, મહેશ પંડ્યાથી માંડીને તંત્રીલેખ સુધી સમગ્ર અશાંતિનાં મૂળ અને શાંતિની ઝંખનાના વિષયને તંત્ર અને તત્ત્વ બંને દ્રષ્ટિએ સ્પષ્ટ કરે છે જે.પી.એ નાગાલેન્ડ અને ચંબલમાં જે કામ કર્યું તેની વિશેષ વિગતો ભૂમિપુત્રમાં અવકાશે મૂકી શકાય. આજે નાગાલેન્ડ ભારતનું એક રાજ્ય છે તેમાં જેપીની બહુ જ મહત્ત્વની ભૂમિકા છે. કેપ્ટન ફીઝો સાથેની મંત્રણા નવી પેઢીને યાદ કરાવવા જેવી છે. The killing age પુસ્તકનો સરસ પરિચય આપ્યો છે અને અંતે ડેસમેન ડોસની વાત કેટલી પ્રેરણાદાયી છે ! આ પ્રકારના અંકો વાચકોમાં સભાનતા જગાડે છે અને સભાનતા આવશે તો જ સક્રિયતા આવશે. અભિનંદન. **– પ્રવીણચંદ્ર ઠક્કર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડૉ. પંકજ જોશીની નજરે 'વિજ્ઞાન અને અધ્યાત્મ'




**શ્રી** પંકજભાઈ જોશીનો જન્મ ૨૫ એપ્રિલ ૧૯૫૩ને રોજ ભાવનગરમાં થયો હતો. ૭૩ વર્ષના પંકજભાઈ હાલમાં અમદાવાદમાં રહે છે. તેઓ Astrophysicist - Cosmologist છે. સાદી ભાષામાં ખગોળ વિજ્ઞાની છે. ૨૨૫ જેટલા રીસર્ચ પેપર્સ તેમણે લખ્યા છે. ભણવાનું પતાવીને ટાટા ઇન્સ્ટીટ્યુટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચમાં ઘણાં વર્ષો કામ કર્યું છે. થોડા સમય પહેલાં મૃત્યુ પામેલ વિજ્ઞાની જયન્ત નાર્લિકર સાથે તેમણે કામ કર્યું છે.

પંકજભાઈનો પરિવાર ગાંધીદર્શનથી પ્રભાવિત છે. ભાવનગરના વતની હોવાથી મકરંદભાઈ દવે અને તેમના સૂચનથી નાથાભાઈ જોશી સાથે તેમનો સંબંધ રહ્યો છે. ગુર્જર સાહિત્ય પ્રકાશને થોડાક સમય પહેલાં ૩૦ ઑક્ટોબર-૨૦૨૫માં તેમનું પુસ્તક 'જ્ઞાની અને વિજ્ઞાની' પ્રગટ કર્યું છે. નવનીત સમર્પણમાં આ પુસ્તક હપ્તાવાર પ્રગટ થયું હતું. નવનીત સમર્પણમાં ઑક્ટોબર ૨૦૨૫- દીપોત્સવી વિશેષાંકથી પંકજભાઈની લેખમાળા 'વિજ્ઞાન અને અધ્યાત્મ' ચાલુ થઈ છે.

ભૂમિપુત્રમાં આ લેખમાળાનો યથાયોગ્ય ઉપયોગ કરવા માટે નવનીત સમર્પણના સંપાદક શ્રી દીપકભાઈ જોશી અને શ્રી પંકજભાઈની મંજૂરી મળી જતાં આપણે કેટલાક લેખો પ્રગટ કરીશું અને પંકજભાઈને સમજવા પ્રયત્ન કરીશું. જરૂર પડે ત્યાં અન્ય સામગ્રી પણ જોડીશું. વિજ્ઞાન અને અધ્યાત્મ બંને વિષે ઘણું બધું કહેવાયું છે અને લખાયું છે. બંને વિષયો સાથે રાખી ગુજરાતમાં ઘણાં બધાં પ્રવચનો-સંમેલનો ગુજરાત બિરદારીના પ્લેટફોર્મ પર, સર્વોદયના પ્લેટફોર્મ પર યોજાયાં છે. શ્રી પંકજભાઈને ઘણી વખત સાંભળ્યા છે. વાર્તાલાપ પણ કર્યા છે. નવનીત સમર્પણની લેખમાળા ઘણાબધા માટે ઉપયોગી બનશે.

### ■ પંકજ જોશી : 'અથાતો બ્રહ્મ જિજ્ઞાસા'

પંકજભાઈને ૧૭ વર્ષની યુવાન વયથી સમગ્ર બ્રહ્માંડ અંગે જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા રહી છે. આ બ્રહ્માંડ પર કોઈનું શાસન છે ? કોણ તેને ચલાવે છે ? તેવા પ્રશ્નો તેમને થતા હતા. તેમણે આઇન્સ્ટાઇન, મેક્સ પ્લાન્ક જેવા વિજ્ઞાનીઓનો અભ્યાસ કર્યો. તેમણે પશ્ચિમી ચિંતકોના અને ભારતીય ચિંતકોના ગ્રંથો વાંચવા માંડ્યા.




વર્ષ ૧૯૭૧માં શ્રી ધીરજરામ દેસાઈ (શાસ્ત્રીજી)ને ૧૮ વર્ષની વયે મળ્યા. શાસ્ત્રીજી ઉંમરમાં પંકજભાઈ કરતાં ઘણા મોટા હતા. તેમની સાથે સંવાદ કરતાં કંઈક નવા જ પ્રકાશની પ્રાપ્તિની અનુભૂતિ થતી હતી. શાસ્ત્રીજી પાસેથી જ્યોતિષશાસ્ત્રની પાયાની વાતો પંકજભાઈએ સમજી લીધી.

''જ્યોતિષશાસ્ત્ર ભૂળભૂત રીતે બે વિભાગ ધરાવે છે. પ્રથમ વિભાગમાં ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ, તેની ગણતરી, સ્થાન વગેરેની વાતો આવે છે. આ એક ગણિત છે, જે સામાન્ય રીતે ઘણું સચોટ હોય છે. બીજા ભાગમાં આ ગણિત પરથી આગાહી અથવા ફલાદેશની વાત આવે છે. આમાં ઘણી અચોક્કસતા રહેલી હોય છે. તેમ છતાં જો શુદ્ધ મન, તથા અંતઃકરણની ઉચ્ચ અવસ્થાએથી આગાહી કરવામાં આવે તો તે સાચી પણ પડી શકે છે. આ માટે આંતરપ્રજ્ઞાની આવશ્યકતા રહી છે. જો આ ન હોય તો સમગ્ર જ્યોતિષનો કોઈ વિશેષ અર્થ રહેતો નથી.

પંકજભાઈ શાસ્ત્રીજીને મળવા ખાસ મહુવા પાસેના રાજુલા ગામે જતા હતા. શાસ્ત્રીજીએ તેમને ક્યારેય પરંપરાગત વિધિવિધાનમાં દાખલ કર્યા ન હતા. કર્મકાંડનો હેતુ માનવજીવનની ઉન્નતિ અર્થે, મન, બુદ્ધિની સાચી સમજણનો વિકાસ થાય એ જ છે. જો એ ન થાય તો અહંકાર જ વધવાનો છે. તત્ત્વપ્રાપ્તિ કરવાની વાત એક બાજુ રહી જાય અને માત્ર વિધિવિધાનમાં જ વ્યક્તિ ફસાઈ જાય છે.

'જ્ઞાની અને વિજ્ઞાની' પુસ્તકમાં ન જ્ઞાની વિજ્ઞાનનો વિરોધ કરે છે, ન વિજ્ઞાની અધ્યાત્મના યોગનો - ધાર્મિક ગ્રંથોનો વિરોધ કરે છે. તેમાંથી જરૂરી સૂચનો અપનાવવાની વાત કરે છે.

### ■ પંકજભાઈનું વિશ્વ વિહંગાવલોકન

આધુનિક કોસ્મોલોજીએ બ્રહ્માંડ વિશેનું આપણું જ્ઞાન નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. આપણા તારાવિશ્વમાં સૂર્ય જેવા અબજો તારાઓ સમાયેલા છે. સૂર્ય, એ આકાશગંગામાં રહેલા અનેકાનેક તારાઓમાંનો એક સામાન્ય તારો જ છે. સૂર્યની આજુબાજુ બુધ, ગુરુ, મંગળ અને અન્ય ગ્રહોની બનેલી ગ્રહમાળા છે. સૂર્યને ગ્રહમાળા છે તેમ આવી જ ગ્રહમાળા ધરાવનાર બીજા હજારો તારાઓ પણ અસ્તિત્વ ધરાવે છે.

જેવું આ મહાકાય અને વિશાળ સ્તરે અસ્તિત્વ છે એવું જ વિશ્વમાં અતિસૂક્ષ્મ અણુ-પરમાણુનું મહા જગત છે. આજે તેના અવલોકન માટે પ્રયોગો ચાલે છે. આ સિવાય અનેકગણું વિશાળ અદૃશ્ય જગત પણ અસ્તિત્વ ધરાવે છે !

તારાવિશ્વમાં અનેકગણું 'ડાર્ક મેટર' છે. ડાર્ક એનર્જી પણ છે... કોઈ અદૃશ્ય શક્તિ આ બધાં તારાવિશ્વોને વિશેષ અને વિશેષ ગતિ આપી રહી છે.

શાસ્ત્રીજી કહે છે, આપણા મહર્ષિઓ દૃશ્યને તો સંપૂર્ણપણે જાણતા જ હતા, સાથેસાથે દૃષ્ટાનું પણ જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું હતું.

### ■સ્થળ-કાળનું વિવિધ દર્શન

'જ્ઞાની અને વિજ્ઞાની' પુસ્તકના લેખ નં ૨૪માં સ્થળ અને કાળ અંગે સારી ચર્ચા કરી છે. સમય અને અવકાશ - Space & Time, સ્થળ અને કાળ અંગે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આધુનિક વિજ્ઞાને સારી એવી પ્રગતિ કરી છે.

ન્યૂટન, આઇન્સ્ટાઈનથી માંડીને અનેક મોટા વિજ્ઞાનીઓ અને તત્ત્વ-જ્ઞાનીઓએ Space & Time વિશે ગહન ચિંતન કર્યું છે.

○ ન્યૂટન – સમય પૂર્ણ રીતે નિરપેક્ષ છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. સમય એક મહા નદીના પ્રવાહની જેમ સતત સ્વતંત્ર રીતે વહ્યા કરે છે. સમગ્ર બ્રહ્માંડમાં તે સતત આગળ વધે છે. તે માપી શકાય તેવો છે.

○ આઇન્સ્ટાઇન – સમય તથા અવકાશ નિરપેક્ષ, સર્વસ્વતંત્ર નથી.

○ શાસ્ત્રીજી – પરમાણુ જેવું તેનું અસ્તિત્વ નથી. સમય એક ગણના પદ્ધતિ છે. વિશ્વમાં ક્યાંક કશો ફેરફાર થયા વિના સમયનો કોઈ ખ્યાલ કે વિચાર ન હોઈ શકે.

જે અનુભવમાં આવી ચૂક્યું છે તે ભૂતકાળ છે, જ્યારે જે સર્વનો અનુભવ થવાનો છે – થયો નથી એ ઘટનાઓ ભવિષ્યકાળ છે.

આજે ભૌતિકશાસ્ત્રીઓમાં એક વિચારની ચર્ચા ચાલ્યા કરે છે – અવકાશ અથવા સમય એ મૂળભૂત બાબતો નથી તે કેવળ એક અંદાજિત વર્ણન છે. હવે એવું મનાતું જાય છે કે વાસ્તવમાં તો અવકાશ અને સમય તે અન્ય મૂળભૂત તત્ત્વો દ્વારા ઉદ્‌ભવ પામતી અને જણાતી વસ્તુઓ છે. જોકે તેના આ ઉદ્‌ભવની પ્રક્રિયા ક્યાં અને કેમ થાય છે તે આજે આપણને સ્પષ્ટ નથી. સૂક્ષ્મ જગતનું ક્વોન્ટમ વિજ્ઞાન અહીં મોટો ભાગ ભજવે છે તેમ મનાય છે.

■ **શાસ્ત્રીજી શીખવે છે સાધનામાં વિવેક**

કિશોરલાલ મશરૂવાળાના ગુરુ હતા કેદારનાથજી. કેદારનાથજીનું એક ખૂબ જ મહત્ત્વનું પુસ્તક છે ‘વિવેક અને સાધના’. પંકજભાઈ શાસ્ત્રીજી સાથે સંયમ, સાધના, યોગ, ભક્તિ, જ્ઞાન કર્મયોગ જેવા વિષયો અંગે અનુકૂળ સમયે વાર્તાલાપ છેડે છે.

પંકજભાઈને ખ્યાલ આવે છે – ક્યારેક આપણે મૂળ પકડવાને બદલે પાંદડાંઓ ગણવામાં જ રહી જઈએ છીએ.

મહત્ત્વની વાત એ છે કે જ્યારે વિશેષ ઉચ્ચતર તત્ત્વનું દર્શન કે પ્રાપ્તિ થાય ત્યારે જ માણસની પ્રકૃતિ અને સ્વભાવ બદલાય છે.

આવી જ રીતે જ્ઞાન મેળવવામાં અતિશય વાંચન પણ કામ આવતું નથી. પણ બુદ્ધિ તીવ્ર બને તેવું કંઈક વાંચન રોજ કરવું જોઈએ.

મૂળ વાત તમસમાંથી પ્રકાશ તરફ જવાની છે. અસત્યમાંથી સત્ય તરફ જવાનું છે. જીવન અને મૃત્યુ, જગત અને બ્રહ્માંડનું રહસ્ય તથા વાસ્તવિક સ્વરૂપ સમજવાનાં છે. આપણું અંતઃકરણ જ્યારે જ્ઞાન અને પ્રકાશમય બને ત્યારે જ વાસ્તવિક આનંદનો અનુભવ પણ થાય. શાસ્ત્રીજી વ્યવહાર તથા પરમાર્થ બંનેના સાધક બનવાની વાત પણ કરે છે. સાધના કરવાની, પણ શરીરને હાનિ પહોંચે તે રીતે નહીં. તેમણે પંકજભાઈને કહ્યું, જ્ઞાન અને વિજ્ઞાનવેત્તા બનવાનું છે ! પ્રારબ્ધ અને પુરુષાર્થના પ્રશ્ને શાસ્ત્રીજી ભગવાન પતંજલિના શબ્દો કહે છે – तीव्र संवेगाना मासत्रः । તીવ્ર પુરુષાર્થીને સિદ્ધિ સત્વરે મળે ! યોગ વાશિષ્ઠ રામાયણમાં કહેવામાં આવ્યું છે – ભાગ્યની ચિંતા ન કરવી જોઈએ. વ્યક્તિનું એ જ કર્તવ્ય છે કે હંમેશાં સાચી દિશામાં અને સત્યની રાહે નિષ્ઠાપૂર્વક સતત પ્રયત્નો કરે, પુરુષાર્થમાં લાગી રહે.

‘જ્ઞાની અને વિજ્ઞાની’ પુસ્તકનો રસાસ્વાદ આપણે હવે આગળના લેખમાં માણીશું.

– રેવારજ





## પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ

**પુસ્તક : કટોકટી અને તેમાં ‘ભૂમિપુત્ર’ – યજ્ઞ પ્રકાશનની ભૂમિકા**

સરમુખત્યારી સામે લોકસંઘર્ષની ગાથા,
લેખન-સંપાદન : રજની દવે ● પૃષ્ઠ : ૪૦૪
● સાઈઝ(ક્રાઉન) 7" x 10" ● કિંમત : ૪૫૦/- (રાહત દરે)

**તારીખ : ૨૬ જૂન ૨૦૨૬, બપોરે ૩.૦૦ થી ૬.૦૦**

■ **સ્થળ :** સમુદાય શિક્ષણ ભવન, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, ઇન્કમટેક્ષ ચાર રસ્તા પાસે, અમદાવાદ પીન ૩૮૦૦૦૯.

■ **આયોજકો**

❍ ગુજરાત સર્વોદય મંડળ ❍ ગુજરાતી લેખક મંડળ
❍ યજ્ઞ પ્રકાશન – (વડોદરા) ❍ માનવીય ટેકનોલોજી ફોરમ

■ **મીઠો આવકાર**

આ પુસ્તકને ❍ શ્રી ઘનશ્યામભાઈ શાહ ❍ રોહિતભાઈ શુકલ ❍ પ્રકાશ ન. શાહ ❍ મનીષીભાઈ જાનીએ મીઠો આવકાર આપીને વધાવ્યું છે.

■ **પુસ્તકની રચના** : પુસ્તક કુલ ૮ વિભાગોમાં વહેંચાયેલું છે.

રસ ધરાવતા સૌ કોઈને આ કાર્યક્રમમાં આવવા ભાવભીનું આમંત્રણ છે.
આપના આવવાની જાણ કરશો, તો વ્યવસ્થા સુચારુ રીતે થઈ શકશે.

**સંપર્ક : રજની દવે – મો.: ૭૯૯૦૯૫૬૮૩૦**
**પ્રાપ્તિ સ્થાન : યજ્ઞ પ્રકાશન, વડોદરા.**
**મો. : ૯૦૧૬૪ ૭૯૯૮૨**

લોકાર્પણ પ્રસંગે પુસ્તક ફક્ત રૂા. ૩૪૦/- માં આપવામાં આવશે




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારતમાં ગરીબો શિક્ષણથી કેમ છેટાં થઈ રહ્યાં છે ?

**આ** ગંભીર વિષય પર ગુરદીપસિંહ સપ્પલ લખે છે કે, નહેરુના સમયમાં ભારતમાં ગરીબો શિક્ષણને મહાન સ્તરીકરણ માનીને એક સરળ ક્રાંતિકારી વિચારમાં વિશ્વાસ રાખતા હતા, 'પઢ જાયેંગે, તો બઢ જાયેંગે' ('ભણીશું તો આગળ વધીશું'). તેમના માટે શિક્ષણ જાતિ, ગરીબી, જન્મના વારસાગત ગેરફાયદામાંથી બહાર નીકળવાનો માર્ગ હતો. ભારતના બંધારણમાં પણ ગરીબ અને વંચિત નાગરિકો માટે શિક્ષણને વચન તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યું હતું.

એક સમયે જાહેર યુનિવર્સિટીઓ, IITs, IIMs, સરકારી મેડિકલ કૉલેજો ફક્ત સંસ્થાઓ નહોતી, તે સામાજિક ગતિશીલતાની ભૌતિક રચના હતી. પરંતુ નીતિગત વલણના પરિણામે આજે ભારતનાં ગરીબ અને વંચિત લોકોનો શિક્ષણમાં જે વિશ્વાસ હતો તે ડગમગી રહ્યો છે.

બે દાયકા પહેલાં શિક્ષણના ખાનગીકરણના વ્યાપમાં જે વધારો થયો હતો, તેને ભાજપના ૧૨ વર્ષના શાસનમાં જાણી જોઈને વેગ આપવામાં આવ્યો છે. વ્યૂહરચના એ રીતે કરવમાં આવી કે શિક્ષણ ગરીબોની પહોંચથી દૂર થઈ જાય. એક સ્થિર પગાર સાથે, શિક્ષણનો અતિ મોંઘો ખર્ચ આજે માણસને વધારે ને વધારે ગરીબ બનાવી રહ્યો છે.

ઉચ્ચ શિક્ષણમાં ખાનગી મૂડીનો પ્રવેશ ૧૯૯૦ના દાયકાના અંતમાં શરૂ થયો અને ૨૦૦૦ના દાયકા સુધીમાં તો તેમાં વેગ આવી ગયો. ગણતરી એવી હતી કે, ખાનગી મૂડીના પ્રવાહથી, શિક્ષણમાં વધુ સારી ગુણવત્તા મળશે પરંતુ છેલ્લા ત્રણ દાયકામાં તે ગણતરી તદ્દન મૂર્ખામીભરી સાબિત થઈ છે.

નોંધણીની દૃષ્ટિએ ભારતની ઉચ્ચ શિક્ષણપ્રણાલી વિશ્વમાં ત્રીજા ક્રમે છે. આપણી પાસે ૬૦,૦૦૦થી વધુ કૉલેજો અને ૧૨૦૦ જેટલી યુનિવર્સિટીઓ છે, જેમાં આશરે ૪.૫ કરોડ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ આંકડા એ દર્શાવે છે કે, ભારત દેશ, જે જ્ઞાનની મહાસત્તા બનવાની ઇચ્છા રાખે છે તે એવા સ્નાતકો ઉત્પન્ન કરી રહ્યો છે જેમને નોકરીઓ મળતી નથી અને એવા પ્રતિભાશાળી શોધકો ઉત્પન્ન કરી રહ્યો છે જેઓ વ્યાપારની કસોટીમાં નિષ્ફળ જાય છે. આ ફરીથી ઘડાયેલી શિક્ષણની ડિઝાઈન, મહત્ત્વપૂર્ણ ફેકલ્ટીઓને નિસ્તેજ બનાવે છે અને બહુવિધ કસોટીઓ પાસ કરનારા વિદ્યાર્થીઓને સફળ ગણે છે.

### ઉચ્ચ શિક્ષણનું અર્થતંત્ર

ખાનગીકરણની સૌથી મોટી અસર જાહેર હિતનું ખાનગી વસ્તુમાં રૂપાંતર થયું તેમાં થઈ છે. ખાનગી સંસ્થાઓ બિલાડીના ટોપની જેમ વધી રહી છે જ્યારે જાહેર સંસ્થાઓ મોટાભાગે સંસાધનોની તંગી ભોગવી રહી છે.

ઉચ્ચ કક્ષાની સંસ્થાઓની ફીમાં ખૂબ જ વધારો થયો છે. ઉદાહરણ તરીકે IIM-A (અમદાવાદ)ની ટ્યુશન ફી ૨૦૦૭માં ૪ લાખ રૂપિયાથી વધીને ૨૦૨૧માં ૨૭ લાખ રૂપિયા થઈ ગઈ, IIT બોમ્બેની ફી ૨૦૦૮માં ૧.૦૮ લાખ રૂપિયાથી વધીને ૨૦૨૪-૨૫માં ૮ લાખ રૂપિયા થઈ ગઈ છે. ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં, આજે સરેરાશ બી.એ.ની નિયમિત ડિગ્રીની કિંમત ૩-૬ લાખ રૂપિયા છે; બી-ટેકની ૮-૨૦ લાખ રૂપિયા છે. મેનેજમેન્ટ ડિગ્રીની કિંમત ૫-૩૦ લાખ રૂપિયા સુધી હોઈ શકે છે. ઊંચા ખર્ચનો બોજો વિદ્યાર્થીઓ પર નાંખવામાં આવ્યો છે.

વાત ફક્ત ઊંચી ટ્યુશન ફીની નથી. ભારતની ઉચ્ચ શિક્ષણ-પ્રણાલીને પ્રવેશબિંદુએથી જ અનિયંત્રિત કોચિંગ ઉદ્યોગ દ્વારા કબજે કરી લેવામાં આવી છે. એન્જિનિયરિંગ અને મેડિસિન માટેની બે રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષાઓ, JEE અને NEET, શાળાના અભ્યાસક્રમથી એટલી અલગ છે કે આ પરીક્ષાઓ કોચિંગ વિના પાસ કરવી લગભગ અશક્ય છે. જે પ્રવેશ પરીક્ષાને, શૈક્ષણિક પ્રણાલીમાંથી પ્રતિભા પસંદ કરવા માટે માનવામાં આવે છે, તે પોતે જ એક અલગ શૈક્ષણિક પ્રણાલી બની ગઈ છે.

કોચિંગ સંસ્થાઓમાંથી જી.એસ.ટી. કલેક્શન ૨૦૧૯-૨૦માં લગભગ રૂા. ૨,૨૦ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂા. ૫,૫૦૦ કરોડથી વધુ થયું હતું. આ શિક્ષણનો એક એવો ઉદ્યોગ છે જે ઔપચારિક શિક્ષણ પ્રણાલીની નિષ્ફળતાથી નફો મેળવે છે; તે સંસ્થાકીય અપૂર્ણતા પર બનેલ એક વ્યવસાય મોડેલ છે.

કોચિંગ ઔદ્યોગિક સંકુલ ભારતને શિક્ષિત કરી રહ્યું નથી; તે શાળાઓમાં શું શીખવવામાં આવે છે અને પ્રવેશ પરીક્ષાઓની માંગ શું છે તે વચ્ચેના અંતરનો ઉપયોગ કરીને ચિંતાતુર પરિવારો પાસેથી સંપત્તિ ખંખેરી રહ્યું છે.

### શિક્ષણ : ખોટ કરતું એક રોકાણ

મનમોહનસિંહના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારનાં દસ વર્ષમાં ભારતમાં નર્સો, એન્જિનિયરો, શિક્ષકો, સરકારી કર્મચારીઓ અને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓના પગારમાં ત્રણથી પાંચ ગણો વધારો થયો. આ સંજોગોમાં, શિક્ષણના રોકાણમાં 'વળતર' ઉદાર હતું શિક્ષણ અને તેના વળતર વચ્ચેનો સામાજિક કરાર અકબંધ હતો.

તેનાથી વિપરીત વર્તમાન શાસનકાળમાં લગભગ એક દાયકાથી, નવા સ્નાતકોનો પ્રારંભિક પગાર વાર્ષિક રૂા. ૩-૪ લાખ પર સ્થિર રહ્યો છે (જો તેમને નોકરી મળે તો). જ્યારે શિક્ષણનો ખર્ચ ત્રણથી સાત ગણો વધી ગયો છે.

ઓલ-ઇન્ડિયા સર્વે ઓફ હાયર એજ્યુકેશન (AISHE) ૨૦૨૧-૨૨ના છેલ્લા ઉપલબ્ધ આંકડા દર્શાવે છે કે, ઉચ્ચ શિક્ષણમાં કુલ નોંધણી ૪.૩૩ કરોડ થઈ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સરેરાશ આ જ શ્રેણીમાં રહી છે. ૨૦૨૩માં, ફક્ત ૮૧.૨ લાખ લોકોને નોકરી મળી હતી, જેમાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આઈ.ટી. સેવાઓ અને બેંકિંગ જેવાં ક્ષેત્રોમાં ૩૯.૧ લાખનો સમાવેશ થાય છે.

ઇન્ડિયા સ્કિલ્સ રિપોર્ટ ૨૦૨૫માં બી.ટેક. સ્નાતકો માટે રોજગાર-ક્ષમતા ૬૦ ટકા અને આર્ટ્સ સ્નાતકો માટે ૪૫ ટકા રાખવામાં આવી છે. ૨૦થી ૨૪ વર્ષની વયના લગભગ ૪૫ ટકા સ્નાતકો બેરોજગાર છે. ૨૦૨૪માં, પાંચમાંથી બે આઈઆઈટી સ્નાતકો, અથવા ૪૦ ટકાને નોકરી આપવામાં આવી ન હતી.

દરમિયાન, ઘણાં ક્ષેત્રોમાં કોર્પોરેટ નફામાં પાંચ ગણો વધારો થયો છે. આ નફામાં મજૂરી કરનારાઓની મહેનત હોવા છતાં તેમના વેતનમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ડિઝાઈનને કારણે વેતન-વૃદ્ધિથી અલગ થઈ ગયું છે. શ્રમસુરક્ષા વ્યવસ્થિત રીતે નબળી પડી ગઈ છે. ફુગાવાને વળતર આપવા માટે વેતનના સ્તરમાં વધારો કરવામાં આવ્યો નથી અને રોજગાર 'કેઝ્યુઅલાઈઝ' કરવામાં આવ્યો છે. ધનિકો વધુ ધનવાન બની રહ્યા છે અને ગરીબ સ્નાતકો તેની ડિગ્રી સાથે ભારે દેવું ભોગવી રહ્યા છે.

આ બજારનું પરિણામ નથી; તે એક નીતિગત પરિણામ છે. જ્યારે કોર્પોરેટ નફો પાંચ ગણો વધે છે અને પગારધોરણ બદલાતું નથી, ત્યારે આર્થિક લાભનું વિતરણ એક એવી સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે જેણે કોનાં હિતોને પ્રાથમિકતા આપવી અને તેનું રક્ષણ કરવું તે પસંદ કર્યું છે.

### અધિકૃત કૌભાંડ

જો શૈક્ષણિક સંસ્થા પ્રતિષ્ઠિત હોય, જો મળનારી નોકરીનો દરજ્જો અને પગારધોરણ આકર્ષક હોય તો મહત્ત્વાકાંક્ષી પરિવારો ડિગ્રી માટે કોઈ પણ ફી ચૂકવવા તૈયાર થશે. ખાનગી યુનિવર્સિટીઓ લોકોનું આ મનોવિજ્ઞાન બરાબર સમજી ચૂકી છે. તેમની આ દુખતી નસને પારખીને ડિઝાઈનર અભ્યાસક્રમોને ફેન્સી નામોથી તૈયાર કરવામાં આવી રહ્યા છે અને પ્રપંચી પ્લેસમેન્ટ આંકડાઓ બતાવીને આક્રમક રીતે જાહેરાત કરવામાં આવે છે.

ભોળા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો ઘણી વાર આવા કૌભાંડી અભ્યાસક્રમો તરફ અંજાઈ જાય છે. એક્રેડિટેશન રેટિંગ અને NIRF (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ રેન્કિંગ ફ્રેમવર્ક) રેટિંગ બહુ મદદરૂપ હોતા નથી. એક્રેડિટેશન આર્કિટેક્ચર પોતે જ કથળી ગયેલું છે.

માર્ચ, ૨૦૨૫માં, મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન (NBA) સંપૂર્ણપણે વણચકાસાયેલ, સ્વ-સબમિટ કરેલા ડેટા પર આધાર રાખતું હોવાથી NIRF રેન્કિંગ પર સ્ટે મૂક્યો હતો. ૨૦૨૪ના એક ખુલાસામાં ૫૦થી વધુ સંસ્થાઓ ખોટી રીતે માન્યતા-પ્રાપ્ત હોવાની જાહેરાત કરતી હતી અથવા બનાવટી પ્રમાણપત્રોનો ઉપયોગ કરતી હતી.

સરકારના પોતાના આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ઉચ્ચ શિક્ષણમાં નિયમનકારી પારદર્શિતાની જરૂરિયાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ વર્તમાન માળખું નિષ્ફળ હોવાની એક કબૂલાત છે.

શિક્ષણમાં રોકાણ કરવાથી આજે પરિવારો ગરીબ બની રહ્યા છે. નોકરી મેળવનારા નસીબદાર લોકો એવા પગાર પર કામ કરે છે જે પગારમાં તેમણે શિક્ષણ માટે ચૂકવેલી ફીની ભરપાઈ કરવામાં વર્ષો લાગે છે.

યુપીએના શાસનકાળ દરમિયાન, એક આખી પેઢી ઈ.એમ.આઈ. પર પોતાનાં ઘરો ખરીદી શકી હતી. પરંતુ આજે યુવા કર્મચારીઓ માટે પોતાનું ઘર ખરીદવું અશક્ય અને મુશ્કેલ છે.

જ્યારે ગરીબ અને વંચિત લોકો એવું તારણ કાઢે છે કે, શિક્ષણ હવે પોસાય તેવું રહ્યું નથી, ડિગ્રીથી કોઈ ફરક પડવાનો નથી, મળનારા પગારમાંથી ક્યારેય શિક્ષણ પર કરેલો ખર્ચ વસૂલ કરી શકાશે નહીં, ત્યારે આવા લોકો, તેમનાં બાળકોને યુનિવર્સિટીઓમાં મોકલવાનું બંધ કરવું જેવા એક તર્કસંગત નિર્ણય તરફ આકર્ષાય છે.

જ્યારે આ વિચાર ગરીબ અને વંચિત લોકોમાં સર્વસામાન્ય થઈ જશે, ત્યારે તેમનાં બાળકો વારસાગત, જાતિ આધારિત વ્યવસાયોમાં પાછાં ફરવા મજબૂર થશે. ભારતમાં સામાજિક ગતિશીલતા માટે તમામ નાગરિકોને શિક્ષણ મેળવવાનો અધિકાર છે તેવું બંધારણમાં અપાયેલું વચન આપોઆપ ખતમ થઈ જશે.

**– ગુરદીપસિંહ સપ્પલ**

(ગુ.ટુડે ૬-૫-૨૦૨૬)

## વાચકોના પત્રોમાંથી

- **મોતીભાઈ પટેલ,** (ઝૂંપડી ટ્રસ્ટ, અલગર, તા.વાલોડ, જિ.તાપી)

ગાંધીમેળામાં પારુલબહેને આપેલા વિશેષાંકો વાંચી લીધા. કપરી સ્થિતિમાં પણ 'ભૂમિપુત્ર' પ્રગટ કરવાનું ચાલુ રાખો છો તે માટે અભિનંદન.

ભૂમિપુત્ર ટકવું જોઈએ. વિનોબા-ગાંધી વિચાર સાથે સંકળાયેલા સાત્ત્વિક સમાચારો-લેખો વાંચવા મળે છે.

બેકારી, ભ્રષ્ટાચાર પર સરકારનો અંકુશ નથી રહ્યો.

(પત્રલેખકે યજ્ઞ પ્રકાશનને માટે સહયોગ રાશિ મોકલી છે તે બદલ આભાર વ્યક્ત કરીએ છીએ. **-સં.**)

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 16-06-2026 R.N.I. No. 1683/57

# બોગનવેલિયાનાં ફૂલ

**ની**રજને પાનનો જબરો શોખ. જ્યારે જુઓ ત્યારે પાનને લીધે બંને ગાલનાં ગલોફાં ફૂલેલાં જ દેખાતાં. તમાકુ-કીમામવાળાં પાન ખાઈ ખાઈને દાંત કાળા પડી ગયા હતા. એની પત્ની નીરુનો સૌથી વધુ વિરોધ એટલા માટે હતો કે, પતિનો અડધો પગાર તો આ કુટેવ પાછળ જ ખર્ચાઈ જતો. એણે હંમેશાં કરકસર કરીને ઘર ચલાવવું પડતું. નીરજની પાનની આદત છોડાવવાનો પ્રયત્ન કરતાં એ ગળગળા સાદે કહેતી,

''મારે માટે એક સાડી લાવવાની વાત તો દૂર રહી, પણ તમને કોઈ દિવસ એમ પણ નથી થતું કે, બાળકો માટે એમની મનગમતી ચીજ લઈ જાઉં? તમે ઑફિસેથી આવો ત્યારે બંને આશાભર્યાં તમારી બેગ સામે જોઈ રહે છે કે, પપ્પા અમારે માટે કંઈક લાવ્યા હશે!''

નીરુની વાત તો સાચી હતી. કેટલીય વાર નીરજે પાન ન ખાવાની પ્રતિજ્ઞા લેવા પાણી મૂક્યું હતું અને દર વખતે પ્રતિજ્ઞા તોડી હતી, પણ હમણાંથી એણે નિયમ લીધો હતો કે, જે દિવસે પગાર થાય, ફક્ત તે દિવસે જ પાન ખાવું. પ્રતિજ્ઞામાં સફળ થવાની ખુશીમાં એ બિટ્ટુ માટે ક્રિકેટનો સેટ અને રેણુ માટે ફ્રોક લઈ આવ્યો હતો. બાળકો ખુશ હતાં એટલે નીરુ પણ ખુશ હતી,

''સાચું કહું? મને આનાથી વધુ કંઈ નથી જોઈતું. મને સાડી કે દાગીનાનો જરાય મોહ નથી. છોકરાંઓ ખુશ રહે એમાં મારી બધી ખુશી આવી ગઈ. તમે પાન છોડો એ માટે મેં બાધા પણ લીધી છે.''

આજે પગાર થયો હતો. આ વખતે તો વળી મોંઘવારી ભથ્થાના બે હજાર રૂપિયા વધારે મળ્યા હતા. નીરુને આપેલા વચન મુજબ આજે એક પાન ખાવાની છૂટ હતી. પાનની લિજ્જત માણતાં માણતાં એ વિચારી રહ્યો કે કોઈક એવી ચીજ લેવી જોઈએ જેનાથી આખા ઘરના સભ્યોને આનંદ થાય. એવી શું વસ્તુ હોઈ શકે? અચાનક એની નજર મોટા અક્ષરે લખેલા બોર્ડ પર ગઈ-' સંજીવની નર્સરી'. અરે વાહ, આ વિચાર તો મને આવ્યો જ નહીં. સરસ મજાના ફૂલનો છોડ લઈ જાઉં તો બધાં ખુશ થઈ જશે. એમાંય રેણુને તો ફૂલો એટલાં વહાલાં છે કે એ તો નાચવા જ લાગશે. જોકે, નીરુ રાજી થશે કે નહીં એ કહી ન શકાય પણ બહુ મોંઘો છોડ નહીં લઉં.

એક નાનો એવો છોડ લેવા માટે નીરજે માળી સાથે સારી એવી રકઝક કરી. અંતે થોડા સસ્તા પણ સુંદર ફૂલોવાળા છોડ તરફ એણે આંગળી ચીંધી.

''આ? આ બોગનવેલિયા છે. એનાં ફૂલ સફેદ છે એટલે એનું નામ શુભ્રા છે. લઈ જાવ સાહેબ. ઘર શોભી ઊઠશે.''

સફેદ ફૂલોથી શોભતું નાનકડું કૂંડું લઈને એ નર્સરીમાંથી બહાર નીકળ્યો ત્યારે નીરજ વિચારી રહ્યો કે, કેમ આટલાં વર્ષોમાં ઘર માટે આવી સુંદર ભેટ લઈ જવાનું મને યાદ જ નહીં આવ્યું હોય? એણે ઘરની બેલ મારી. બારણું ખોલતાંની સાથે જ નીરુની આંખો ચમકી ઊઠી.

''અરે વાહ, આજે વળી સૂરજ કઈ બાજુ ઊગ્યો? જોકે, હવે તો સૂર્યાસ્ત થઈ ગયો, પણ સાચું કહું નીરજ, પાનની આદત છોડ્યા પછી તમારામાં આવેલો આ બદલાવ જોઈને મને ખૂબ આનંદ થયો.'' અંદરના રૂમમાં બેસીને વાંચી રહેલી રેણુને બૂમ પાડી એણે કહ્યું, ''રેણુ, જો તો પપ્પા શું લઈ આવ્યા?''

ફૂલોથી શોભતું કૂંડું જોઈને રેણુ હરખઘેલી થઈ ગઈ. નીચે રમી રહેલા બિટ્ટુને એણે બોલાવ્યો ''જલદી આવ બિટ્ટુ, પપ્પા એક મસ્ત વસ્તુ લાવ્યા છે.''

''પપ્પા, આ છોડને હું મારા હાથે જ રોજ પાણી પાઈશ. હું પાણી પાઈશ ને, તો એ જલદી જલદી મોટો થઈ જશે.'' બિટ્ટુએ કહ્યું.

બે દિવસ તો ઘરમાં જાણે ઉત્સવનું વાતાવરણ છવાયેલું રહ્યું. છોકરાઓ આજુબાજુમાંથી મિત્રોને છોડ જોવા લઈ આવ્યાં, તો નીરુ જેને પણ ફોન કરે એની સાથે એ જ વિષયમાં વાત કરતી રહેતી.

બિટ્ટુ અને રેણુએ પાણી પાવાની બાબતમાં સમજૂતી કરી લીધી હતી કે, એક દિવસ આનો વારો તો બીજે દિવસે બીજાનો. નીરજે ગુગલ પરથી મેળવેલું જ્ઞાન બાળકોને પીરસ્યું, ''છોકરાઓ, બોગનવેલિયાને બહુ વધારે પાણી ન જોઈએ. વધારે પડતાં પાણીથી એનાં પાંદડાં જલદી ખરવા માંડે.''

ક્યાંકથી ગેરુઓ રંગ લાવીને નીરુએ કૂંડું રંગીને પછી એની પર જાત જાતની ડિઝાઈન બનાવી હતી. નીરજને ઑફિસમાં પણ બોગનવેલિયાના વિચાર આવ્યા કરતા. એક દિવસ ઘરે જતી વખતે એને રસ્તામાં કૂંડાં વેચનારો દેખાયો. એને થયું કે, આવા મોટા કૂંડામાં છોડ રોપ્યો હોય તો એનાં મૂળને ફેલાવાની જગ્યા મળે. એણે તરત જ વિચાર અમલમાં મૂક્યો.

''નીરુ, જો આ મોટું કૂંડું લઈ આવ્યો. હવે છોડને એમાં ફેરવી નાખીએ ને, તો વધારે ફેલાશે.''

''ભઈસા'બ, એને છેડવાનું રહેવા દો ને. એવું કરવામાં એનાં મૂળિયાં જો ક્યાંક તૂટી જશે ને તો...''

''એવું કંઈ નહીં થાય. યુ ટ્યુબ પર વિડિયો જોઈ જોઈને હું શીખી ગયો છું કે, ધીમેથી એક કૂંડામાંથી મૂળ સહિત છોડ કાઢીને બીજામાં કેવી રીતે રોપવો.''

મોટા કૂંડામાં રોપાઈને છોડ એવો લહેરાતો હતો કે, ઘર આખું તે દિવસે ટી.વી.ની સિરિયલ જોવાનું પણ ભૂલી ગયું. બે-ત્રણ દિવસ તો વારાફરતી બધાં નિરીક્ષણ કરતાં રહ્યાં ને ધીરજ રાખતાં રહ્યાં કે, છોડ બરાબર રોપાઈ ગયો છે, પણ પાંચમે દિવસે સવારમાં રેણુ રડતી રડતી આવી,

''પપ્પા, આપણો છોડ તો મરી ગયો.''

''હેં?'' નીરજને સખત આઘાત લાગ્યો. સાચે જ, છોડ સાવ ઢળી પડ્યો હતો ને એની પર જે થોડાંઘણાં ફૂલો હતાં એ બધાં ખરીને નીચે પડ્યાં હતાં. આખા ઘરમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું જાણે કોઈ સ્વજનનું મૃત્યુ ન થયું હોય!

નીરજે બાળકોને આશ્વાસન આપતાં કહ્યું, ''આજે આ બોગનવેલિયાની સાક્ષીએ પ્રતિજ્ઞા લઉં છું કે, હવેથી પાન ખાવાનું સદંતર બંધ અને દર મહિને પગાર થાય તે દિવસે ઘરમાં એક નવો છોડ આવશે. બસ?''

નીરુ અને બાળકો એની સામે જોઈને પરાણે હસતાં હોય એમ હસ્યાં ત્યારે નીરજની પાંપણો ભીની હતી.

(રવીન્દ્ર કાલિયાની હિંદી વાર્તાને આધારે) – **આશા વીરેન્દ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org